૮૦. ૐ સાંખ્યશાસ્ત્ર ધારિણે ભગવદાનંદ મુનીન્દ્રાય નમઃ

૮૧. ૐ પંચરાત્રશાસ્ત્ર ધારિણે શિવાનંદ મુનીન્દ્રાય નમઃ
૮૨. ૐ કૃષ્ણાનંદ મુનીન્દ્રાય નમઃ
૮૩. ૐ અક્ષરાનંદ મુનીન્દ્રાય નમઃ
૮૪. ૐ સર્વજ્ઞાનાનંદ મુનીન્દ્રાય નમઃ
૮૫. ૐ અદ્‌ભુતાનંદ મુનીન્દ્રાય નમઃ
૮૬. ૐ શૂન્યાતિતાનંદ મુનીન્દ્રાય નમઃ
૮૭. ૐ તદ્રૂપાનંદ મુનીન્દ્રાય નમઃ
૮૮. ૐ શાન્તાનંદ મુનીન્દ્રાય નમઃ
૮૯. ૐ પુરુષાનંદ મુનીન્દ્રાય નમઃ
૯૦. ૐ મયારામાય નમઃ
૯૧. ૐ પ્રાણગોવિંદાય નમઃ
૯૨. ૐ લક્ષ્મીરામાય નમઃ
૯૩. ૐ હેમંતરામાય નમઃ
૯૪. ૐ શિવયાજ્ઞિકાય નમઃ

૯૫. ૐ મોહનરામાય નમઃ
૯૬. ૐ હરિશર્મણે નમઃ
૯૭. ૐ કૃપાશંકરાય નમઃ
૯૮. ૐ ખટ્વાંગાય નમઃ
૯૯. ૐ જીવવર્મણે નમઃ
૧૦૦. ૐ કાશીદાસાય નમઃ
૧૦૧. ૐ પર્વતાય નમઃ
૧૦૨. ૐ નાથજીતે નમઃ
૧૦૩. ૐ નાચિકેતાય નમઃ
૧૦૪. ૐ નન્દુભાયાય નમઃ
૧૦૫. ૐ નરોત્તમાય નમઃ
૧૦૬. ૐ રામસિંહાદિ પાર્ષદાય નમઃ
૧૦૭. ૐ નૃસિંહાનંદ મુનીન્દ્રાય નમઃ
૧૦૮. ૐ જયારમાલલિતાદિ ભક્તેભ્યો નમઃ

ॐ

ॐ श्रीहरये नमो नमः

आदिनारायण कथा ।

गुर्जरानुवादसहिता ।

श्रीमच्छारदपूर्णचन्द्रविलसन्स्मेराननं श्रीहरिं,
तुङ्गे पीठवरे स्थितं परिवृतं सद्भक्तवृन्दैर्यथा,
ताराभिर्विधुमर्च्यमानमुरुधा तैश्चन्दनैः कौसुमै
र्हारैः शेखपङ्क्तिभिश्च हृदये शुक्लाम्बरं चिन्तये ॥१॥

આ ગ્રંથના કર્તા શતાનંદમુનિ આરંભમાં ઈષ્ટદેવ શ્રીહરિના ધ્યાનરૂપ મંગળને કરે છે - શરદ્પૂર્ણિમાના પૂર્ણ ચંદ્ર સમાન શોભાયમાન આહ્લાદકારી મંદહાસમધુર મુખારવિંદ જેમનું છે, તારામંડળથી વિંટાયેલો ચંદ્રમા જેમ એમ ત્યાગી ગૃહી ભક્તમંડળોથી ચોમેર વિંટાઈને ઊંચા ઉત્તમ સિંહાસનમાં વિરાજમાન થયેલા, ભક્તોએ

સુગંધીમાન ચંદન પુષ્પહારો અને તોરાઓની પંક્તિઓથી બહુધા પ્રેમથી પૂજા કરેલા અને શ્વેત વસ્ત્રોને ધારી રહેલા એવા ભગવાન શ્રીહરિનું હૃદયમાં ચિંતન કરું છું. ॥૧॥

एकदा श्रीहरेः साक्षाद्भक्तेन्द्रा ऋषयोऽनघाः ।
हृदि तेनेरिताः केचिद्दुर्गपुरं ययुर्मुदा ॥२॥

કોઈ એક સમયે કેટલાક સાક્ષાત્ શ્રીહરિના ભક્તવર્ય નિર્દોષ ઋષિઓ શ્રીહરિની હૃદયમાં પ્રેરણા થવાથી આનંદ પામીને દુર્ગપુર પ્રત્યે ગયા. ॥૨॥

हरिशर्मा नथ्थुभयो लक्ष्मीरामश्च मोहनः ।
गोविन्दरामहेमन्तरामौ नारायणस्तथा ॥३॥
वालाध्रुः प्राणगोविन्दः प्रभाशङ्करसंज्ञकः ।
शोभारामो जीवरामो हरिप्रसादयाज्ञिकः ॥४॥
गङ्गादत्तो मयारामो दुर्लभराम उत्तमः ।
कृपाशङ्करविजयरामौ च शिवयाज्ञिकः ॥५॥

आशारामः सूरभयो दयारामश्च नागजित् ।
काशीरामो वनमाली बर्हिचरो महेश्वरः ॥६॥
नाचिकेतो गणपतिरामो नन्दुश्च निर्भयः ।
करुणाशङ्करो दाजिस्तुलजाराम ईश्वरः ॥७॥
इत्याद्याः शतशो विप्राः सत्समागमलालसाः ।
दुर्गाख्यं श्रीहरिर्धाम स्मरन्तस्तं ययुर्हृदि ॥८॥

કયા તે ઋષિઓ ? તેમનાં પ્રધાનપણે નામ કહે છે – હરિશર્મા, નથ્થુભાઈ, લક્ષ્મીરામ, મોહનરામ, ગોવિંદરામ, હેમંતરામ, નારાયણજી, વાલાધ્રુ, હરિપ્રસાદ યાજ્ઞિક, ગંગાદત્ત, મયારામ, દુર્લભરામ, ઉત્તમરામ, કૃપાશંકર, વિજયરામ, શિવરામ યાજ્ઞિક, આશારામ, સૂરભાઈ, દયારામ, નાગજીત, કાશીરામ, વનમાળી, બેચર, મહેશ્વર, નાચિકેત (નાનાભાઈ), ગણપતરામ, નંદુભાઈ, નિર્ભયરામ, કરુણાશંકર, દાજીભાઈ, તુલજારામ, ઈશ્વરભાઈ ઈત્યાદિ બહુ ઋષિઓ

સત્સમાગમની લાલસાથી શ્રીહરિને હૃદયમાં સંભારતા થકા તેમના ધામભૂત દુર્ગપુર પ્રત્યે આવ્યા. ૩-૮॥

विधिनोन्मत्तगङ्गायां स्नात्वाऽऽनन्दपरिप्लुताः ।
चक्रुस्ते दर्शनं साक्षाद्गोपीनाथमहाप्रभोः ॥९॥
प्रणम्यैनं समर्प्याथोपदास्ते स्वगुरोर्द्विजाः ।
वर्णिमुन्यादिसर्वेषां कृत्वेक्षां नेमुरादरात् ॥१०॥

દુર્ગપુરમાં આવેલા ઉપરના વિપ્રોએ પ્રથમ ઉન્મત્તગંગા નદીમાં યથાવિધિ સ્નાન કર્યુ અને પછીથી આનંદથી વ્યાપ્ત થઈને પ્રતિમારૂપથી સાક્ષાત્ વિરાજમાન શ્રીગોપીનાથજી (રાધાકૃષ્ણ) મહાપ્રભુનાં દર્શન કર્યાં. તેમને સાષ્ટાંગ પ્રણામ કરી ફળાદિ ભેટ અર્પણ કરીને પછી પોતાના ગુરુ શ્રીરઘુવીરજી મહારાજ તથા બ્રહ્મચારી સાધુ આદિક સર્વનાં દર્શન કરીને તેમને આદરભાવથી નમસ્કાર કર્યા. ॥૯-૧૦॥

गुर्वादिभिः सत्कृतास्ते विप्रास्तीर्थविधिं वरम् ।
कुर्वन्तो न्यवसंस्तत्र महानन्दादहर्गणान् ॥११॥

નમસ્કાર કરતા ઉપરના વિપ્રોને આચાર્ય આદિક સર્વેએ સારો સત્કાર કર્યો. સત્કાર પામેલા વિપ્રો તીર્થમાં કરવાપણે કહેલા વિધિને સારી રીતે કરતા થકા મહા આનંદ પામીને દુર્ગપુરમાં જ ઘણા દિવસો રહ્યા. ॥૧૧॥

एकदा ते सभासीनं शुकानन्दं महामुनिम् ।
ऋषयो हरिशर्माद्या नत्वाऽपृच्छन्महादरात् ॥१२॥

એક સમયે હરિશર્મા આદિક વિપ્રોએ સભામાં બેઠેલા શુકાનંદ નામના મહામુનિને બહુ આદરથી નમસ્કાર કરીને આ પ્રકારે પૂછ્યું. ॥૧૨॥

ऋषय ऊचुः-

मुने ! कष्टनिवृत्त्यर्थं किं कार्यं मनुजैर्भुवि ।
पुत्रवित्तादिलाभाय मुक्तये चात्मनोऽखिलैः ॥१३॥

ઋષિઓ પૂછે છે :—હે મુને ! આ લોકમાં સર્વ કોઈ મનુષ્યોએ સમગ્ર કષ્ટની નિવૃત્તિ માટે તથા ઐહિક પુત્ર વિત્તાદિકના લાભ માટે તથા સંસાર થકી પોતાની મુક્તિ માટે શું સાધન કરવું જોઈએ ? ॥૧૩॥

वयं तु कृतकृत्याः स्मः साक्षाच्छ्रीहरिनिश्चयात् ।
अपि पृच्छामहे ब्रह्मन् सर्वनृणां सुखाय वै ॥१४॥

હે બ્રહ્મન્ ! અમે તો સાક્ષાત્ શ્રીહરિના નિશ્ચયબળથી કૃતાર્થ થઈ રહ્યા છીએ. એટલે અમારે કશો અર્થ નથી. પરંતુ સર્વ મનુષ્યોના સુખને માટે જ અમે પૂછીએ છીએ. અમારો પ્રશ્ન 'સ્વાર્થે નથી પણ પરાર્થે' છે. તો તેનો ઉત્તર આપો. ॥૧૪॥

एवं पृष्टः शुकानन्दो मुनिः सर्वसुखाय तैः ।
विप्रेन्द्रः श्रीहरिं स्मृत्वाऽब्रवीत्सोऽङ्गिहितङ्करः ॥१५॥

સર્વ જીવોનું હિત કરવામાં હંમેશ તત્પર એવા શુકાનંદમુનિ, ભગવાન શ્રીહરિનું સ્મરણ કરીને, પરોપકારી વિપ્રવરોએ સર્વના સુખ માટે પૂછેલા પ્રશ્નનાં ઉત્તરમાં બોલ્યા : ॥૧૫॥

श्रीशुकानन्द उवाच–

सर्वेषामादिभूतो यो नारायणः परात्परः ।
सुखकर्ता कष्टहर्ता ब्रह्मधाम्नि विराजते ॥१६॥

શુકાનંદમુનિ કહે છે – હે વિપ્રો ! જડચિદાત્મક સર્વ જગતના આદિભૂત (મૂળ કારણ) પરાત્પર જે એક પુરુષોત્તમ નારાયણ છે એ જ

''न संपदां समाहारे विपदां विनिवर्तने ।
समर्थो दृश्यते कश्चित् तं विना पुरुषोत्तमम् ॥''

આમાં કહ્યા પ્રમાણે સર્વકષ્ટને હરનારા અને સર્વ સુખને આપનારા છે અને તે દિવ્ય મૂર્તિથી બ્રહ્મધામમાં બિરાજે છે. ॥૧૬॥

धर्मदेवात्स एवाद्य भक्त्यां प्रादुर्भूतः प्रभुः ।
राधालक्ष्म्यादिशक्तीशो मुक्तवृन्दैः सहावनौ ॥१७॥

રાધા, લક્ષ્મી આદિક શક્તિઓના સ્વામી એવા એ જ મહાપ્રભુ નારાયણ પોતે પોતાના મુક્તમંડળ સાથે અવની ઉપર ધર્મદેવ થકી તેમની પત્ની ભક્તિમાં હાલમાં પ્રગટ થયા છે. ॥૧૭॥

आदिनारायणस्यास्य व्रतं कर्तव्यमुत्तमम् ।
सुखाप्तये जनैः सर्वैः कष्टमात्रनिवृत्तये ॥१८॥

આ આદિનારાયણનું ઉત્તમ વ્રત મુમુક્ષુ બુભુક્ષુ સર્વ કોઈ જનોએ સુખપ્રાપ્તિ માટે અને કષ્ટમાત્રની નિવૃત્તિ માટે કરવું સારું છે. ॥૧૮॥

नास्ति तत्सदृशं विप्रा ! अन्यदेवव्रतादिकम् ।
सर्वेषां मूलमाद्योऽसौ कारणं पुरुषोत्तमः ॥१९॥

હે વિપ્રો ! આ આદિનારાયણના વ્રતને તુલ્ય બીજા દેવાદિકનું વ્રત છે જ નહિ. કારણ કે

આ નારાયણ જ સર્વના મૂળ કારણ પુરુષોત્તમ છે. જેમ આદિનારાયણ પુરુષોત્તમ થકી બીજો કોઈ ઉત્તમ નથી તેમ તેમના વ્રત થકી બીજું કોઈ ઉત્તમ વ્રત પણ નથી. ॥૧૯॥

**अतस्त्यक्त्वा तदन्यास्तां व्रतं तस्य महाप्रभोः ।**
**सर्वकामप्रदं पुण्यं कार्यं प्रीत्याऽखिलैर्द्विजाः ॥२०॥**

માટે હે વિપ્રો ! આદિનારાયણ પુરુષોત્તમ થકી બીજા દેવાદિકની આસ્થાનો ત્યાગ કરીને તે મહાપ્રભુ શ્રીનારાયણનું જ સર્વ મનોરથને પરિપૂર્ણ કરનારું પવિત્ર વ્રત સર્વેએ પ્રીતિથી કરવું. ॥૨૦॥

**ऋषय ऊचुः-**

**ब्रूहि नस्तद्व्रतं ब्रह्मन्विधिपूर्वं महाप्रभोः ।**
**सर्वज्ञोऽसि हरेः साक्षात्कृपापात्रं नृशर्मकृत् ॥२१॥**

આ રીતે શુકાનંદમુનિએ કહેલા ઋષિઓ ફરીથી પૂછે છે–હે બ્રહ્મન્ ! આદિનારાયણ

મહાપ્રભુનું જે વ્રત સર્વ જનોને સુખકર હોવાનું તમોએ કહ્યું તે વિધિ સાથે અમને આપ જ કહો. કારણ કે આપ સાક્ષાત્ શ્રીહરિના કૃપાપાત્ર અને તેથી સર્વજ્ઞ-સર્વ અર્થને જાણનારા છો. તમારાથી અજ્ઞાત કાંઈ નથી. કૃપાપાત્ર સર્વજ્ઞ આપને મૂકીને અમારે અન્યત્ર જવાની જરૂર નથી. ॥૨૧॥

श्रीशुकानन्द उवाच-

सर्वास्वादिनवमीषु पूर्णिमाऽमादिपर्वसु ।
एकादशीषु सर्वासु कार्यं तच्छ्रद्धया व्रतम् ॥२२॥

આ રીતે વિપ્રોએ પૂછેલા શુકાનંદમુનિ હવે વ્રતવિધિને કહે છે—શુક્લ પક્ષની સર્વ નવમીઓ, પૂર્ણિમા અમાવાસ્યાદિ પર્વો અને સર્વ એકાદશીઓ, આ તિથિઓએ આદિનારાયણનું વ્રત શ્રદ્ધાથી કરવું. ॥૨૨॥

ब्राह्मणैः क्षत्रियैर्वैश्यैः सच्छूद्रैर्दीक्षितैर्द्विजाः ! ।
स्त्रीभिश्च पुम्भिर्भक्त्या कार्यं नारायणव्रतम् ॥२३॥

હે વિપ્રો ! આચાર્ય થકી દીક્ષાને પામેલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને સચ્છૂદ્ર એવા સ્ત્રીપુરૂષોએ આદિનારાયણનું વ્રત ભક્તિથી કરવું. આ વ્રતમાં દીક્ષિત ચાર વર્ણને અધિકાર છે. ॥૨૩॥

**पूर्वेऽह्नि वा दिने तस्मिन्प्रातः सङ्कल्पयेदिति ।**
**व्रतमेतत्करिष्येऽहं हरेर्विप्रस्य वाऽन्तिके ॥२४॥**

વ્રતકર્તા જન પ્રથમ વ્રતદિવસ થકી પૂર્વદિવસે અથવા વ્રતદિવસે પ્રાતઃકાળમાં પ્રતિમારૂપ શ્રીહરિની સન્નિધિમાં અથવા વિપ્રની સન્નિધિમાં "હું આ વ્રતને કરીશ" એવો સંકલ્પ કરે. ॥૨૪॥

**मन्मनोरथसिद्ध्यर्थमादिनारायणव्रतम् ।**
**सपत्नीकः करिष्येऽहं स्वयं नारी च वा पुमान् ॥२५॥**

પોતાની પત્નીએ સહિત એવા પુરૂષ અથવા પોતે એકલો જ પુરૂષ અથવા એકલી પોતે

નારી “હું મારા અમુક મનોરથની સિદ્ધિ માટે આદિનારાયણનું વ્રત કરીશ” એમ સંકલ્પ કરે. ॥૨૫॥

ब्रह्मचर्यं पालयेच्च व्रतकर्ता दिनत्रयम् ।
मुख्यतयोपवासं स कुर्याद्वा नक्तभोजनम् ॥२६॥

વ્રતકર્તા નરનારીએ ત્રણ દિવસ (વ્રતદિવસ, વ્રતથકી પૂર્વ દિવસ અને પછીનો દિવસ) યથોચિત બ્રહ્મચર્યવ્રત પાળવું. આ વ્રતમાં મુખ્યપણે ઉપવાસ કરવો અથવા નક્તભોજન (દિવસે નહિ જમતાં કેવળ રાત્રિએ જમવું તે) કરવું. ॥૨૬॥

प्रातर्नित्यविधिं कृत्वा महापूजां स आचरेत् ।
भक्तिधर्मात्मजस्यास्य श्रीकृष्णस्यावतारिणः ॥२७॥

વ્રતકર્તા જન પ્રાતઃ નિત્યવિધિ કરીને, પછીથી ભક્તિધર્મના પુત્ર અવતારી આદિનારાયણ શ્રીકૃષ્ણની મહાપૂજાને કરે. ॥૨૭॥

भगवन्मन्दिरे कुर्यात्पूजां तां वा गृहे स्वके ।
मृत्तिकागोमयलिप्तस्थलेऽसत्स्पर्शेवर्जिते ॥२८॥

આ મહાપૂજા ભગવાનના મંદિરમાં અથવા પોતાના ઘરમાં જ મૃત્તિકા છાણથી લીંપીને શુદ્ધ કરેલા અને દુષ્ટના સ્પર્શે રહિત એવા પવિત્ર સ્થળમાં કરે. ॥૨૮॥

संबन्धिनो जनान्स्निग्धान्ब्राह्मणांश्चाह्वयेत्सतः ।
स दानमानसत्कारैर्यथार्हं पूजयेच्च तान् ॥२९॥

વ્રતકર્તા જન પોતાના સંબંધીજનો, સ્નેહીજનો, બ્રાહ્મણો અને સાધુજનોને આમંત્રણ આપે અને આવેલા તેઓનું દાન-માન અને સત્કારથી યથાયોગ્ય પૂજન કરે. ॥૨૯॥

ततस्तामारभेत्पूजां पञ्चावरणसंयुताम् ।
तत्पद्धतेस्तद्विस्तारो ज्ञेयः सङ्क्षेपतो ब्रुवे ॥३०॥

તે પછી અનુક્રમે પાંચ આવરણોએ યુક્ત એવી મહાપૂજાને આરંભે. તેનો વિસ્તાર તો

મહાપૂજાપદ્ધતિના ગ્રંથ થકી જાણવો. અહીં તો હું સંક્ષેપમાં કહું છું. ॥૩૦॥

आदौ स्वं शोभयेद्वेश्म नानारङ्गैश्च तोरणैः ।
अष्टपादं न्यसेत्पीठं पञ्चरङ्गाढ्यभूतले ॥३१॥

પ્રથમ તો પોતાના ઘરને નાનાવિધ રંગો તથા તોરણો વડે શોભાયમાન કરે. પછી, રક્તાદિ પંચ પ્રકારના રંગથી રંગેલા વિચિત્ર ભૂતળ ઉપર આઠ પાયાવાળા પીઠ (બાજોઠ) ને સ્થાપન કરે. ॥૩૧॥

उदङ्मुखः प्राङ्मुखो वा पूजकः सुसमाहितः ।
आदौ संपाद्योपहारानासीतोर्णादिविष्टरे ॥३२॥

તે પછી પૂજક જન સાવધાન થઈને પ્રથમ સમગ્ર પૂજાના ચંદન પુષ્પાદિ પદાર્થોને સંપાદન કરીને, કામળી આદિકના આસન ઉપર ઉત્તરમુખે અથવા પૂર્વમુખે બેસે. ॥૩૨॥

पीठोपरि सभां रम्यां स कुर्यात् श्वेतवाससा ।
तन्मध्येऽष्टदलं पद्मं कुर्वीतोज्ज्वलकर्णिकम् ।।३३।।
कर्णिकाकेसरैः पत्रै रचयेत्तन्मनोरमम् ।
तण्डुलैस्तच्च कुर्यात्स रङ्गैर्वा कुङ्कुमादिभिः ।।३४।।

તે પછી પૂજક સ્થાપેલા પીઠની ઉપર શ્વેતવસ્ત્રથી રમણીય સભાને કરે. તે સભાના મધ્ય ભાગમાં ઉજ્જવળ કર્ણિકા જેની છે એવા અષ્ટદળવાળા કમળને કરે. તે આ કમળને તાંદુલ (ચોખા) અથવા કુંમકુંમ આદિક વિવિધ રંગો વડે બનાવે અને તેને કર્ણિકા કેસર તથા પત્રોએ કરીને અતિમનોહર કરે. ।।૩૩-૩૪।।

तन्मध्ये स्थापयेत्कृष्णमादिनारायणं हरिम् ।
द्विभुजं पद्मपत्राक्षं घनाभं काञ्चनाम्बरम् ।।३५।।
यस्य वमे स्थितो धर्मो भक्तिश्च दक्षिणे स्थिता ।
तादृशं तं स्वभक्तेभ्यो दायिनं च वराभये ।।३६।।

આવા કમળના મધ્યભાગમાં પ્રતિમારૂપ આદિનારાયણ હરિકૃષ્ણનું સ્થાપન કરે. કેવા ? તો જે બે ભુજાવાળા, કમળના પત્ર સરખાં નેત્રવાળા, મેઘસરખા શ્યામવર્ણવાળા, સોનેરી વસ્ત્રોને ધારી રહેલા, જેના વામભાગમાં ધર્મદેવ રહ્યા છે, જેના જમણા ભાગમાં ભક્તિદેવી રહ્યાં છે અને જે પોતાના ભક્તોને વર તથા અભયને આપનારા છે એવા ભગવાન શ્રીહરિનું સ્થાપન કરે. ॥૩૫-૩૬॥

तत्पृष्ठे स्थापयेद्रामप्रतापं छत्रधारिणम् ।
इच्छारामं च सौम्याङ्गं करात्ततालवृन्तकम् ॥३७॥

આવા આદિનારાયણના પૃષ્ઠ ભાગમાં હાથમાં છત્રને ધારી રહેલા રામપ્રતાપ તથા હાથમાં વીંજણાને ધારી રહેલા રમણીય અંગવાળા ઈચ્છારામનું સ્થાપન કરે. ॥૩૭॥

तथाऽयोध्याप्रसादं च रघुवीरं महामती ।
स्थापयेत्पार्श्वयोस्तस्य मनोज्ञावात्तचामरौ ।।३८।।

આવા આદિનારાયણના બે પડખામાં, હાથમાં ચામરને ધારી રહેલા, મહાબુદ્ધિશાળી મનોહર અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીની સ્થાપના કરે. ।।૩૮।।

एतत्प्रथमावरणं भवद्भिर्ज्ञेयमुत्तमम् ।
आवरणानि चत्वारि ब्रुवेऽहं क्रमशो द्विजाः ।।३९।।

હે વિપ્રો ! તમારે આ સર્વોત્તમ પ્રથમ આવરણ જાણવું. (આમાં પાંચની સ્થાપના જાણવી.) હવે બાકીનાં બીજાં ચાર આવરણોને અનુક્રમથી હું કહું છું. ।।૩૯।।

प्रोक्ता मुकुन्दानन्दाद्याः षट्त्रिंशत्तु द्वितीयके ।
तत्रैवोत्तमभूपाद्याः द्वात्रिंशच्च तृतीयके ।।४०।।
उक्ता नारायणानन्दादयः षोडश तुर्यके ।
पञ्चमे मयारामाद्या एकोनविंशदीरिताः ।।४१।।

पूज्यास्ते सर्वशः प्रोक्ताः संख्ययाऽष्टोत्तरं शतम् ।
नारायणमुखाः सर्वे पूजनीया यथाविधि ।।४२।।

બીજા આવરણમાં વર્ણિવર્ય મુકુંદાનંદ આદિક છત્રીશની સ્થાપના કહી છે. તેવી જ રીતે ત્રીજા આવરણમાં ઉત્તમ ભૂપ આદિક બત્રીશની સ્થાપના કહી છે. ચોથા આવરણમાં વર્ણિ નારાયણાનંદ આદિક સોળની સ્થાપના કહી છે તેમ જ પાંચમાં આવરણમાં મયારામ આદિક ઓગણીશની સ્થાપના કહી છે. બધા મળીને ૧૦૮ દેવો આમાં પૂજ્યપણે માન્યા છે. આદિનારાયણ મુખ્ય જેમાં છે એવા આ સર્વેની પૂજા યથાવિધિ કરવી (એમનાં નામો, સ્થાપનનો ક્રમ અને પૂજાવિધિ તો મહાપૂજા પદ્ધતિ થકી જાણવો.) ।।૪૦-૪૨।।

तत्पद्धत्युक्तमन्त्रैस्ते पूज्याः स्वेच्छितसिद्धये ।
श्रद्धया पूजिता यर्हि सद्यः स्वेष्टफलप्रदाः ।।४३।।

પોતાના ઈચ્છિતની સિદ્ધિ માટે આદિનારાયણ શ્રીહરિ મુખ્ય જેમાં છે એવા આ સર્વ દેવોની પૂજાપદ્ધતિમાં કહેલા મંત્રો વડે પૂજા કરવી. જો આ દેવોની શ્રદ્ધાથી પૂજા કરે તો તત્કાળ ઈચ્છિત ફળને આપનારા થાય છે. ॥૪૩॥

एवं कृत्वा महापूजां कारयित्रे स दक्षिणाम् ।
दत्त्वा सन्तोषयेच्चान्यविप्रेभ्योऽपि मुदाऽन्वितः ॥४४॥

પૂજક જન આનંદયુક્ત થઈને આ રીતે મહાપૂજા કરીને, કરાવનાર વિપ્રને દક્ષિણા આપીને સંતોષ પમાડે અને પૂજા સમયે આવેલા બીજા વિપ્રોને પણ યથાશક્તિ દક્ષિણાદિ વડે સંતોષ પમાડે. ॥૪૪॥

कथामेतां श्रृणुयात्स संबन्धिभिर्जनैः सह ।
मध्याह्ने वा प्रगे सायं यथावकाशमुत्तमाम् ॥४५॥

તે પછી વ્રતકર્તા જન આ ઉત્તમ કથાને સંબંધીજનોને સાથે રાખીને પ્રાતઃકાળે અથવા

મધ્યાહ્‌ન કાળે અથવા સાયંકાળે યથાવકાશ સાંભળે. ॥૪૫॥

मण्डपं पञ्चरङ्गाढ्यं कथायै कारयेद्वरम् ।
उल्लोचतोरणैः पीठैश्चतुर्द्वारं सुविस्तृतम् ॥४६॥

કથા માટે પાંચ પ્રકારના રંગોથી રંગેલા, ઉલ્લોચ તોરણ અને બેસવાનાં આસનોથી સુંદર, ચાર દ્વારવાળા અને અતિશય વિશાળ એવા મંડપને કરાવે. ॥૪૬॥

प्रीत्या पौराणिकं विप्रं सत्क्रियादक्षिणादिभिः ।
भोजयेत्स द्वितीयेऽह्नि विप्रान्साधून्हरिश्रितान् ॥४७॥

વ્રતકર્તા નર પૌરાણિક (કથા કરનાર) વિપ્રને પ્રીતિથી દક્ષિણાદિ વડે બહુ સત્કાર કરે અને વ્રત થકી બીજે દિવસે હરિભક્ત બ્રાહ્મણ સાધુને જમાડે. ॥૪૭॥

उपवासो निराहारस्तद्दिने न भवेद्यदि ।
फलाहारो विधातव्यः सर्वैस्तैर्व्रतकारकैः ॥४८॥

વ્રતકર્તા સર્વેએ વ્રતદિને નિરાહાર ઉપવાસ કરવો. જો આવો ઉપવાસ ન થઈ શકે તો ફળાહાર કરવો. ॥૪૮॥

प्रीत्यैतद्व्रतकर्तॄणां जनानां विधिवद्विजाः ! ।
नष्टं कष्टं तु केषाञ्चित्सुखिनस्तेऽभवज्जनाः ॥४९॥

હે વિપ્રો ! આ વ્રતને પ્રીતિથી યથાવિધિ કરનારા કેટલાક જનોનું તો કષ્ટ નષ્ટ થઈ ગયું છે અને તેઓ સુખિયા થઈ ગયા છે. ॥૪૯॥

काह्नदेशे करणाख्यग्रामे नृसिंहवाडवः ।
आसीत्कश्चिद्धर्मनिष्ठो वैद्यशास्त्रविचक्षणः ॥५०॥

હવે એવાં કેટલાંક આખ્યાન કહે છે – કાનમ દેશમાં આવેલા કરેણા નામના ગામમાં એક નૃસિંહ નામનો વિપ્ર ધર્મનિષ્ઠ અને વૈદ્યશાસ્ત્રમાં બહુ વિચક્ષણ હતો. ॥૫૦॥

देशे तस्मिन्प्रसिद्धः स बहून् रोगातुराञ्जनान् ।
वाक्सिद्धिः सुखिनस्तूर्णमकरोदौषधादिभिः ॥५१॥

તે દેશમાં પ્રસિદ્ધિને પામેલા વચનસિદ્ધિવાળા આ નૃસિંહ વિપ્રે રોગાતુર બહુજનોને ઔષધાદિ વડે તુરત સુખી (નિરોગી) કર્યા હતા. ।।૫૧।।

**अपि सोऽनिष्टप्रारब्धो धनधान्ये तु नाप्तवान् ।**
**तदर्थमीहमानोऽपि कुटुंबी दुःखितोऽभवत् ।।५२।।**

તથાપિ કોઈ પૂર્વના અનિષ્ટ પ્રારબ્ધને યોગે આ વિપ્ર ધન-ધાન્યને તો ન જ પામ્યો. તેને માટે બહુ બહુ પ્રયત્ન કરવા છતાં પણ તેને નહિ પામતાં બહોળુ કુટુંબ હોવાથી બહુ દુઃખી થયો. ।।૫૨।।

**ततो नारायणानन्दवर्णिनं स द्विजाग्रणीः ।**
**एकदा शरणं यातः स्वदुःखं च न्यवेदयत् ।।५३।।**

તે પછી આ દુઃખી વિપ્રવર્ય નૃસિંહે એક સમયે નારાયણાનંદ નામના બ્રહ્મચારીના શરણને પામીને તેમને પોતાનું બધું દુઃખ નિવેદન કર્યું. ।।૫૩।।

तदा कृपार्द्रचित्तः स वर्णीन्द्रस्तमुवाच ह ।
कुरु सपत्निको ब्रह्मन्नादिनारायणव्रतम् ॥५४॥

તે સમયે દયાર્દ્ર હૃદયવાળા તે વર્ણિવર્ય વૈદ્યરાજ નૃસિંહ વિપ્ર પ્રત્યે બોલ્યા કે—હે બ્રહ્મન્! તમે પત્ની સાથે આદિનારાયણનું વ્રત કરો. ॥૫૪॥

विनश्यति समग्रं त्वत्कष्टं तेन धनादिकम् ।
प्राप्य त्वं प्राप्स्यसि शर्म नारायणप्रसादतः ॥५५॥

યથાવિધિ વ્રત કરવાથી આદિનારાયણ પ્રસન્ન થશે અને તેથી તમારું સમગ્ર કષ્ટ નષ્ટ થઈ જશે, એટલું જ નહિ પણ તેથી ધન-ધાન્યાદિકને પામીને મહાસુખને પણ પામશે. ॥૫૫॥

एवं तस्य बटोर्वाक्यं श्रुत्वा स ब्राह्मणो द्विजाः ! ।
तद्वाग्विश्रब्ध आहेति करिष्ये तद्व्रतं बटो ! ॥५६॥

હે વિપ્રો ! આવું વર્ણિનું હિતવચન સાંભળીને આ બ્રાહ્મણ તેમના વચનમાં વિશ્વાસ લાવીને બોલ્યા કે—હે વર્ણિન્ ! તમારા કહ્યા પ્રમાણે હું આદિનારાયણનું વ્રત યથાવિધિ કરીશ. ।।૫૬।।

एतस्मिन्समये विप्रः केनचिच्छ्रैष्ठिकेन सः ।
रोगार्तेनाहुतस्तत्र गत्वा तस्यौषधं व्यधात् ।।५७।।

આ જ સમયમાં આ વિપ્રે કોઈ (ભૃગુક્ષેત્રવાસી નારાયણ નામના) રોગાતુર શેઠિયાએ બોલાવવાથી ત્યાં જઈને તેના રોગનું સારું ઔષધ કર્યું. ।।૫૭।।

रूप्यमुद्राशतं प्रादात्प्रेरितः सोऽन्तरात्मना ।
तस्मै ताः स गृहीत्वैत्य गृहं तद्व्रतमारभत् ।।५८।।

ઔષધ કરવાથી નિરોગી થયેલા તે નારાયણ નામના શેઠિયાએ અંતરાત્મા

આદિનારાયણે પ્રેરણા કરવાથી તેણે તે વૈદ્ય વિપ્રને સો રૂપિયા આપ્યા. રૂપિયા લઈને પોતાને ઘેર આવેલા આ વિપ્રે વર્ણિના કહ્યા મુજબ આદિનારાયણ વ્રતનો આરંભ કર્યો. ॥૫૮॥

**सपत्निको यथाशास्त्रमादिनारायणव्रतम् ।**
**चकार श्रद्धया विप्रः सयूथं सोऽर्चयद्बटुम् ॥५९॥**

પત્ની સહિત આ નૃસિંહ વિપ્રે આદિનારાયણનું વ્રત યથાશાસ્ત્ર શ્રદ્ધાથી કર્યું. અને વ્રતનો ઉપદેશ કરનારા સશિષ્ય નારાયણાનંદ વર્ણિની અન્નવસ્ત્રાદિ વડે પૂજા કરી. ॥૫૯॥

**दिनेदिने धनधान्यलाभस्तस्याभवत्ततः ।**
**स धनाढ्यऽल्पकालेन मुहुस्तद्व्रतमाचरन् ॥६०॥**

વ્રતના આદરથી આ વૈદ્ય વિપ્રને દિવસે દિવસે ધનધાન્યનો લાભ થવા લાગ્યો. પર્વના દિવસોમાં વારંવાર વ્રત કરવાથી તો અલ્પ કાળમાં

જ આ વિપ્ર ધનાઢ્ય થઈ ગયો. ॥૬૦॥

तस्याथ वाक्येन दशांशमन्नधनादितो वर्णिवरस्य विप्राः ! ।
निजेष्टदेवाय नृसिंहशर्माप्रादात्स विप्रो नियमेन शश्वत् ॥६१॥

હે વિપ્રો ! ધનાઢ્ય થયેલો આ નૃસિંહ નામનો વૈદ્યરાજ વિપ્ર, વર્ણિવર્ય નારાયણાનંદજીના વચનથી પોતાને વૃત્તિથી પ્રાપ્ત થતા અન્ન-ધનાદિક આવકમાંથી દશમો ભાગ પ્રતિવર્ષ પોતાના ઈષ્ટદેવ શ્રીલક્ષ્મીનારાયણને નિયમથી નિરંતર આપવા લાગ્યો. ॥૬૧॥

इति श्रीशतानन्दमुनिविरचितायां
श्रीमदादिनारायणकथायां प्रथमोऽध्यायः ॥१॥

**ઈતિ શ્રીશતાનંદમુનિવિરચિતાયાં**
**શ્રીમદાદિનારાયણકથાયાં પ્રથમોઽધ્યાયઃ ॥૧॥**

## અધ્યાય ૨જો

श्रीशुकानन्द उवाच–

विप्रा ! गुर्जरदेशस्थो वनशर्माभिधो द्विजः ।
एतद्व्रताचरणाद्वै लेभे भक्तेन्द्रमात्मजम् ॥१॥
यथा श्रीहरिजयन्तीव्रतस्याचरणाद्ध्रुवम् ।
शिवगुप्तोऽलभत्पुत्रं भक्तेन्द्रं स्वस्य वल्लभम् ॥२॥

શુકાનંદમુનિ કહે છે–હે વિપ્રો ! ગુજરાત દેશમાં વનશર્મા નામનો એક બ્રાહ્મણ હતો. આ બ્રાહ્મણ આ આદિનારાયણ વ્રતના અનુષ્ઠાનથી ભક્તરાજ પુત્રને પામ્યો હતો. કેની પેઠે ? તો જેમ શ્રીહરિજયંતીનું વ્રત કરવાથી શિવગુપ્ત નામનો વૈશ્ય ભક્તરાજ પ્રિય પુત્રને પામ્યો હતો તેમ. ॥૧-૨॥

ऋषय ऊचुः–

क आसीच्छिवगुप्तः क्व स्थानं तस्य महामुने ! ।
व्रतं कस्योपदेशाच्च कृतं तेन महाप्रभोः ॥३॥

विधिना केन तत्तेन कृतं ब्रह्मन्महात्मना ।
एतत्सर्वं ब्रूहि नस्त्वं श्रोतव्यं ह्यास्तिकैर्जनैः ॥४॥

આવી વાર્તા સાંભળીને હવે હરિશર્મા આદિક ઋષિઓ કહે છે—હે મહામુને ! તમે જે શિવગુપ્ત કહ્યા તે કોણ હતા ? અને તે કયા ગામમાં રહેતા હતા અને તેમણે કોના ઉપદેશથી મહાપ્રભુનું વ્રત કર્યું હતું ? વળી હે બ્રહ્મન્ ! મહાત્મા તે શિવગુપ્તે કયા વિધિથી તે વ્રત કર્યું હતું ? આ સર્વ આસ્તિક જનોએ સાંભળવા યોગ્ય હોવાથી એમને તમો યથાસ્થિત કહો. ॥૩-૪॥

एवं तैर्ऋषिभिः पृष्टः शुकानन्दो महामुनिः ।
सुव्रतमुनिनोक्तं यत्स्वस्य तानब्रवीत्स्मरन् ॥५॥

આ રીતે તે વિપ્રોએ પૂછેલા મહામુનિ શુકાનંદજી પોતાને સુવ્રતમુનિએ (સત્સંગિજીવનમાં) જે કહ્યું હતું તેને સ્મૃતિમાં લાવીને તેમના પ્રત્યે કહેવા લાગ્યા. ॥૫॥

श्रीशुकानन्द उवाच-

आसीत्सुहर्षनगरे शिवगुप्ताभिधो महान् ।
वैश्यवर्यः सुधीर्दान्तः स्वधर्मनिरतः शुचिः ॥६॥

શુકાનંદમુનિ કહે છે—હે વિપ્રો ! સુહર્ષ (આમોદ) નામના નગરમાં કોઈ એક શિવગુપ્ત નામનો મહાન વૈશ્યવર્ય (શેઠ) હતો. આ વૈશ્ય પોતે બુદ્ધિમાન, જીતેન્દ્રિય, સ્વધર્મનિષ્ઠ અને પવિત્ર હતો. ॥૬॥

सर्वसंपत्समृद्धोऽपि स आसिदप्रजो द्विजाः ! ।
तत आसीदुदासीनः सचिन्तो भार्यया सह ॥७॥

સર્વ પ્રકારની સમૃદ્ધિએ સંપન્ન હોવા છતાં તેને પ્રજા ન હતી. અપ્રજપણાને લીધે સ્ત્રીએ સહિત બહુ ઉદાસીન અને ચિંતાગ્રસ્ત રહેતો. ॥૭॥

येन येन यदुक्तं तत्स पुत्रार्थं व्रतादिकम् ।
यथाविधि चकाराथ देवोपयाचितान्यपि ॥८॥

ચિંતાતુર આ વૈશ્યે પુત્રપ્રાપ્તિ માટે બ્રાહ્મણાદિ જને જે જે વ્રતાદિ કરવાનું કહ્યું અને દેવોની માનતા પૂજા કરવાની કહી તે સર્વ પણ યથાવિધિ કર્યું. ॥૮॥

तथाऽप्यलब्धतनयः प्रष्टुं कञ्चन सद्बिदम् ।
तीर्थयात्रामिषेणासौ भ्रमति स्म धरातले ॥९॥

એમ કરવા છતાં પણ પુત્રને નહિ પામેલો ચિંતાતુર આ વૈશ્ય, પુત્રની પ્રાપ્તિ કરાવી આપે એવા કોઈ સિદ્ધને પૂછવા માટે તીર્થયાત્રાના મિષથી ભૂતળમાં ફરવા લાગ્યો. ॥૯॥

अप्रापुवन्दाम्भिकानां विश्वासं वचनेषु सः ।
ददर्श स्वातिसुहृदं ब्राह्मणं गोमतीतटे ॥१०॥

તે તે તીર્થમાં વર્તતા દાંભિકોના વચનમાં વિશ્વાસને નહિ પામેલા આ વૈશ્યને પોતાનો સાચો સુહૃદ્ કોઈ બ્રાહ્મણ વૃત્તાલયમાં વર્તતી ગોમતીજીના તટમાં જોવામાં આવ્યો. ॥૧૦॥

कृष्णभक्तं वेदशास्त्रनिपुणं धर्मपालकम् ।
रामशर्माभिधं तं च नत्वा साश्रुरुपाविशत् ॥११॥

ગોમતી તટે મળેલા, વેદ શાસ્ત્રને જાણનારા ધર્મ પરાયણ, કૃષ્ણભક્ત રામશર્મા નામના મિત્ર બ્રાહ્મણને નમસ્કાર કરીને, અપ્રજાપણાના શોકને લીધે અશ્રુપૂર્ણ નેત્રવાળો આ વૈશ્ય તેની સમીપે બેઠો. ॥૧૧॥

सोऽपि तं तादृशं दृष्ट्वा चिन्ताकृशतनुं विशम् ।
तदुदन्तमपृच्छत्तं यथावत्प्राह सोऽपि तम् ॥१२॥

રામશર્મા મિત્ર વિપ્ર પણ ચિંતાને લીધે કૃશ શરીરવાળા અશ્રુપૂર્ણ નેત્રવાળા વૈશ્યને જોઈને તેનું વૃત્તાંત પૂછવા લાગ્યો. પૂછેલા વૈશ્યે પણ શોકમાં કારણભૂત પોતાનું વૃત્તાંત યથાસ્થિત કહી સંભળાવ્યું. ॥૧૨॥

तच्छ्रुत्वोवाच विप्रस्तं चिन्तां त्यक्त्वा स्थिरो भव ।
यद्वदामि तदेवाशु कुरु ते भविता सुतः ॥१३॥

વૃત્તાંત સાંભળીને રામશર્મા વિપ્ર તેના પ્રત્યે બોલ્યા કે—તમે ચિંતાનો ત્યાગ કરીને સ્થિર હૃદયવાળા થાવ અને હું જે ઉપાય બતાવું તેને તત્કાળ કરો. એ ઉપાય કરવાથી તમને પુત્રની પ્રાપ્તિ અલ્પકાળમાં થશે. ॥૧૩॥

व्रतं हरेर्जयन्त्यास्त्वं प्रीत्या कुरुयथाविधि ।
यदीप्सितं चतुर्वर्गे तत्तेनैवाशु सिद्ध्यति ॥१४॥

શ્રીહરિજયંતી નામનું વ્રત તમો પ્રીતિપૂર્વક યથાવિધિ કરો. આ વ્રત કરવાથી જ ધર્માદિ ચાર વર્ગમાં જે ઈચ્છિત હશે તે તત્કાળ સિદ્ધિ થશે. ॥૧૪॥

शिवगुप्त उवाच –

कोऽसौ हरिर्व्रतं तस्य विधिना केन वा मया ।
कर्तव्यं ब्रूहि तत्सर्वं विश्वास्योऽसि त्वमेव मे ॥१५॥

આ પ્રકારે રામશર્મા વિપ્રે કહેલો તે શિવગુપ્ત વૈશ્ય બોલ્યો કે—તમે જેમનું જયંતીવ્રત

કરવાનું કહ્યું તે શ્રીહરિ કયા ? અને તે વ્રત કયા વિધિથી મારે કરવું ? તે સર્વ મને કહો. મારે તો તમે જ એક વિશ્વાસપાત્ર છો. તો તમારા કહેવા પ્રમાણે શ્રીહરિજયંતી વ્રત હું કરીશ. ॥૧૫॥

रामशर्मोवाच–

अवतीर्णोऽभवत्साक्षात्कृष्ण एव धरातले ।
हरिरित्युदितो नाम्ना कृष्णो नारायणश्च सः ॥१६॥
हरिकृष्णो घनश्यामो नीलकण्ठश्च स स्मृतः ।
स्वामी च सहजानन्दः स्वामिनारायणस्तथा ॥१७॥
गुणकर्मानुरूपाणि बिभ्रन्नामान्यनेकशः ।
भूरिप्रतापश्चासीत्तत्कथयामि समासतः ॥१८॥

આ રીતે વૈશ્યે કહેલો વિપ્ર હવે કહે છે—હે વૈશ્ય ! જે અક્ષરાધિપતિ પરંબ્રહ્મ શ્રીકૃષ્ણ છે એ જ સાક્ષાત્ ધરાતળમાં સ્વેચ્છાથી અવતર્યા હતા. અવતરીને હરિકૃષ્ણ નારાયણ એવા નામથી વિખ્યાત થયા હતા. એમનાં બીજા પણ

ગુણકર્માનુસારી મંગળ નામો હરિકૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ, સ્વામી સહજાનંદ, સ્વામિનારાયણ આદિક વર્તે છે. ઈત્યાદિ અનેક દિવ્ય નામોથી પ્રખ્યાતિને પામેલા અને દિવ્ય ઐશ્વર્યે સંપન્ન એવા શ્રીહરિ થોડા સમય ઉપર પ્રાદુર્ભવ્યા છે. તેમનું અવતારચરિતાદિ સંક્ષેપમાં હું હવે કહી સંભળાવું છું. ।।૧૬-૧૮।।

कोसलेषु भवतीह विश्रुतश्छुप्यया इति हि खेट उत्तमः ।
तत्र विप्रवर आस नामतो देव इत्यमलधीः सदा शुचिः ॥१९॥
धर्म एव सततस्थितेरसौ धर्म इत्यपि च विश्रुतोऽभवत् ।
भक्तिरित्यभिहिताऽस्य सुन्दरी कृष्णभक्तिनिरतत्वतः सदा ॥२०॥

આ ભરતખંડમાં આવેલા ઉત્તર કોસળ દેશમાં છપૈયા નામથી વિખ્યાત એક ઉત્તમ ગ્રામ વર્તે છે. તેમાં એક નિર્મળ બુદ્ધિવાળા સદાપવિત્ર દેવશર્મા નામના વિપ્રવર હતા. આ વિપ્ર ધર્મમાં જ સતત દૃઢ સ્થિતિને લીધે ધર્મ એવા પણ સાર્થક

નામથી પ્રખ્યાતિને પામ્યા હતા. તેમની પત્ની કૃષ્ણભક્તિમાં તત્પર હોવાને લીધે ભક્તિ એવા નામથી વિખ્યાતિને પામી હતી. ॥૧૯-૨૦॥

दंपती सततमेकभावतः कृष्णमेव हृदि सन्तमीश्वरम् ।
दध्यतुर्विषयरागवर्जितौ धर्मशुद्धहृदयौ जितेन्द्रियौ ॥२१॥

તે આ ધર્મભક્તિ દંપતી વિષયરાગે રહિત, ધર્માનુષ્ઠાનથી શુદ્ધ હૃદયવાળાં અને જીતેન્દ્રિય થઈને સર્વના હૃદયમાં અંતર્યામીપણે વર્તતા સર્વેશ્વર શ્રીકૃષ્ણનું જ હૃદયમાં નિરંતર એકાંતિક ભાવથી ધ્યાન ધરતાં હતાં. ॥૨૧॥

कलिबलैधितभूरितरासुरैर्नृपतिदेशिकरूपधरैर्मुहुर्भुवि ।
भृशं परितः समुपद्रुतावपि न तत्यजतुर्धृतिमात्मनः ॥२२॥

કળિબળથી બહુ વૃદ્ધિને પામેલા, ગુરુ તથા રાજાના રૂપને ધરી રહેલા અનેક અસુરોએ જ્યાં ત્યાં વારંવાર અત્યંત પીડા પમાડેલાં પણ આ દંપતીએ પોતાની ધીરજતાનો ત્યાગ કર્યો જ નહિ. ॥૨૨॥

सकलभीतिभयङ्करविग्रहो निजसमाश्रितसौम्यनिरीक्षणः ।
तदवनं विदधे कुलदेवता निखिलकष्टतेर्हनुमानपि ॥२३॥

वारे वारे अनेक पीडाने पामतां आ दंपतीनी सर्व जनोने जेना थकी भय छे एवा भूत भैरवादिकने पण भय करनारो देह जेमनो छे अने आश्रितजनोने सुखकारी दर्शन जेमनुं छे एवा कुळदेव हनुमानजी पण सन्निधि आपीने समग्र कष्ट थकी रक्षा करता हता. ॥२૩॥

स्वधर्मभक्तिस्थितिदार्ढ्यमाप्तौ त विष्णुयागेन यथोदितेन ।
वृन्दावने कृष्णमनन्यभावौ प्रसादयामासतुरेव साक्षात् ॥२४॥

स्वधर्मे सहित भक्तिमां दृढ स्थितिने पामेला आ दंपतीए वृंदावनमां आवीने अनन्य भावथी श्रीकृष्णनु आराधन करवापूर्वक यथाविधि विष्णुयाग करीने साक्षात् तेमनी प्रसन्नता मेळवी हती. ॥२४॥

तयोः प्रसन्नो भगवानपीह कौलाद्यधर्मंभृशमासुरोत्थम् ।
जिहीर्षुराशु क्षितिदुःखहेतुं प्रादुर्बुभूषुश्च बभूव ताभ्याम् ॥२५॥

દંપતી ઉપર પ્રસન્ન થયેલા ભગવાને અસુરોએ ચોમેર પ્રવર્તાવેલો, ભૂમિને પણ મહાદુઃખમાં કારણભૂત એવા કૌલાદિ અધર્મનો તત્ક્ષણ નાશ કરવાની ઈચ્છાથી તે દંપતી થકી અવતાર ધારણનો શુભ સંકલ્પ કર્યો. ॥૨૫॥

धर्मप्रियोऽथाखिलदेवदेवो नारायणोऽसौ कृपया सुतत्वम् ।
प्रापत्तयोरेव हि कोसलेषु दिव्यां मनुष्याकृतिमेव बिभ्रत् ॥२६॥
ऋतौ वसन्ते मधुमासि शुक्लपक्षे नवम्यां विधुवासरे सः ।
सुरेज्यभे प्रादुरभून्निशायां द्वितीययामस्य तृतीयनाड्यम् ॥२७॥

ધર્મ જેમને પ્રિય છે, સર્વ દેવોના દેવ એવા આ શ્રીકૃષ્ણ નારાયણ પરમ કૃપાથી પોતાની દિવ્યાકૃતિને જ મનુષ્ય સજાતીય આકૃતિપણે કરીને ઉત્તર કોસળ દેશમાં વસંત ઋતુમાં ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમી તિથિએ સોમવારે

પુષ્ય નક્ષત્રમાં રાત્રિએ બીજા પહોરની ત્રીજી ઘડીમાં તે દંપતીના પુત્રભાવથી ભૂમિ ઉપર પ્રકટ થયા. ॥૨૬-૨૭॥

बभूव भूयो भुवि मङ्गलं तदा सतां च हर्षो हृदि धर्मसेविनाम् ।
भयं च भूयेव हि धर्मविद्विषां गुरुक्षितीशेशवपुर्दुहां नृणाम् ॥२८॥

તે સમયે શુભસૂચક અનેક મંગળ ચિહ્નો પૃથ્વીમાં પ્રવર્ત્યાં હતાં. ધર્મસેવી સજ્જનોના હૃદયમાં અપૂર્વ હર્ષ ઉપજ્યો હતો. ધર્મદ્વેષી, અસુરાંશભૂત, રાજા કે ગુરુના મિષથી વિચરતા અને ભગવાનના શરીરભૂત વિપ્રાદિકના એવા મનુષ્યોના હૃદયમાં બહુ જ ભય ઊપજ્યો હતો. ॥૨૮॥

जातक्रियाद्या उपनायनान्तास्तत्संस्कृतीः साधु चकार धर्मः ।
हर्यादिनामा स च सर्वथैव तं प्रीणयामास च मातरं स्वाम् ॥२९॥

બાળ માનુષલીલાને ધારી રહેલા આ ભગવાનના જાતકર્મ આદિ જેમાં છે અને ઉપનયન

અંતે જેમાં છે એવા સર્વ સંસ્કારો સારી રીતે પિતા ધર્મદેવે કર્યા. અને હરિકૃષ્ણ આદિક મંગળ નામોને ધારી રહેલા આ પ્રકટ ભગવાને માતાપિતાના પુત્રભાવને પ્રખ્યાપન કરવાપૂર્વક બાળલીલા, અલૌકિક ઐશ્વર્ય, શીલ અને વૃત્તાદિક વડે તેમને બહુ જ રાજી કર્યા. ॥૨૯॥

वैराग्यवेगोज्झितगेहसौख्यः स तीर्थयात्रां विदधद्धरायाम् ।
निजप्रतापातिशयेन धर्ममतिष्ठिपत्तद्रिपुमुत्खनञ्च ॥३०॥

ઉપવીતને પામેલા આ શ્રીહરિએ તીવ્ર વૈરાગ્યથી ગૃહસુખનો ત્યાગ કરીને તપશ્ચર્યાપર થતાં તીર્થયાત્રા કરતા થકા, ત્યાં ત્યાં રહેલા ધર્મદ્વેષીઓનો પોતાના પ્રબળ પ્રતાપથી નાશ કરવાપૂર્વક ધરા ઉપર ધર્મની સ્થાપના કરી. ॥૩૦॥

स्वधर्मविज्ञानविरागयुक्तामेकान्तिकीं श्रीरमणस्य भक्तिम् ।
प्रावर्तयत्स्वाश्रितपुंसु भूमौ धर्मद्विषश्चुक्षुभुराशु तेन ॥३१॥

વળી આશ્રિતજનોમાં શ્રીપતિની સ્વધર્મ જ્ઞાનવૈરાગ્યે યુક્ત એવી એકાંતિકી ભક્તિની પ્રવૃત્તિ કરાવી. તેવી ભક્તિની પ્રવૃત્તિ જોઈને જ ધર્મદ્વેષી અસુરો તો તત્ક્ષણ અતિશય ક્ષોભ પામી ગયા. ॥૩૧॥

अधर्मसंस्थासुरदेशिकानां यूथानि भूयांसि च तत्र तत्र ।
धर्मद्रुहो भूपतयश्च शुष्कज्ञानाभिमाना अथ दम्भभक्ताः ॥३२॥
सद्धर्मसंस्थापनमञ्जसाऽस्य दृष्ट्वा तथैश्वर्यमलौकिकं ते ।
समत्सरास्तत्पदवीमशक्ता लब्धुं व्युधोर्द्रोहभरं तु चास्य ॥३३॥

તે તે દેશમાં જે અધર્મ માર્ગમાં વર્તનારા અસુર ગુરુઓનાં ઘણાં મંડળો હતાં, જે ધર્મદ્રોહી રાજાઓ હતા, જે 'અમે જ બ્રહ્મ છીએ' એવા શુષ્ક જ્ઞાનના અભિમાનવાળા હતા, જે ભક્તિને દંભથી આચરનારા દંભભક્તો હતા, આ સર્વે પણ ભગવાન શ્રીહરિએ અનાયાસથી કરાતી ધર્મસ્થાપના અને તેમનું અલૌકિક ઐશ્વર્ય નહિ

સહન થવાથી મત્સરગ્રસ્ત હૃદયવાળા થઈને ભગવાનની પદવીને પામવા તો અસમર્થ હોવાથી તેમના મહાદ્રોહમાં જ પ્રવર્ત્યા. ॥૩૨-૩૩॥

ते दुर्जनास्त्वस्य कदर्थनोत्थपापेन भूम्नाऽतिविमोहमापुः ।
सहस्त्रशः शस्त्रभृतश्च तत्र कृत्वा प्रहारं मिथ आपुरन्तम् ॥३४॥

શ્રીહરિના દ્રોહમાં પ્રવર્તેલા તે દુર્જનો તો તેજો રાશિ તેમનો પરાભવ કરવા અસમર્થ હોઈને, ઊલટા દ્રોહાચરણથી ઊપજેલા અતિપાપથી પોતે જ વિમોહ પામતાં, શસ્ત્રોને ધારીને પરસ્પર પ્રહાર કરતાં હજારો હજાર નાશ પામી ગયા. ॥૩૪॥

जुगुप्सितं कर्म विधाय केचिन्नासाश्रुतिच्छेदखरावरोहान् ।
संप्राप्य भूपादिकृतान्विनेशुः केचिच्च नौकाजलमज्जनेन ॥३५॥

કેટલાક તો એ જ દ્રોહજન્ય પાપાતિશયને લીધે પરાંગનાસંગ, પરધનહરણ આદિક અતિનિંદનીય દુષ્કર્મમાં પ્રવર્તતા, રાજાદિકે

દંડરૂપે કરેલો નાસિકાચ્છેદ-કર્ણચ્છેદ-ગર્દભારોહણને પામીને વિનષ્ટ થઈ ગયા. કેટલાક તો નૌકામાં આરોપીને મહાનદીના પ્રવાહ મધ્યે રાજાદિકે કરાવેલા જળમજ્જનથી વિનષ્ટ થઈ ગયા. ॥૩૫॥

हरिद्रुहो भूपतयस्तु केचिद्रोगैः सपत्नैः कतिचिच्च नेशुः ।
हृतश्रियोऽन्ये बलिभिर्नृपाद्यैर्भृशं लभन्ते स्म च दुर्दशां वै ॥३६॥

શ્રીહરિના દ્રોહમાં પ્રવર્તેલા કેટલાક અસુર રાજાઓ તો અસાધ્ય ક્ષયાદિ રોગોથી પીડા પામતા નાશ પામી ગયા. કેટલાક તો શત્રુઓએ પ્રહાર કરતા નાશ પામી ગયા. બીજા કેટલાક તો બળિયો રાજા આદિકે રાજ્યલક્ષ્મી હરી લેતાં ઘણી દુર્દશાને પામી ગયા. ॥૩૬॥

एवं प्रतापो विचरन्स भूमावधर्मसर्गं भृशमुच्चखान ।
प्रवर्तयामास च धर्मसर्गं सुरामिषाशासुरभक्तलुप्तम् ॥३७॥

એ રીતે જ્યાં ત્યાં પોતાનો પ્રતાપ પ્રકટ કરતા ભગવાન શ્રીહરિએ ભૂમિમાં વિચરીને અધર્મસર્ગ કામાદિકનો અત્યંત નાશ કર્યો અને સુરામાંસના ભક્ષણમાં પ્રીતિવાળા અસુરોએ લોપી નાંખેલા ધર્મસર્ગ અહિંસાદિકની પ્રવૃત્તિ કરી. ॥૩૭॥

सद्यःसमाधिं भुवि मानवानां विधापयन्नात्मन इच्छयैव ।
विस्मापयामास स योगभाजस्तत्प्राप्तये भूरितरप्रयत्नात् ॥३८॥

કેટલાક મનુષ્યોને યમાદિકના અભ્યાસ વિના જ પોતાની ઈચ્છાથી જ યોગીજન-દુર્લભ સમાધિ તત્કાળ કરાવીને, બહુ કાળથી સમાધિસિદ્ધિ માટે બહુ પ્રયત્ન કરનારા યોગીજનોને બહુ વિસ્મિત કરી દીધા હતા. ॥૩૮॥

अज्ञाततद्भूरितरप्रतापा अप्यत्र ये तं शरणं प्रपन्नाः ।
तानप्यवित्वा यमदूतदर्भ्यां मुक्तिं ददात्येष दयालुवर्यः ॥३९॥

જેઓ કલ્યાણના માર્ગને નહિ જાણનારા, સદાચરણને પણ નહિ આચરનારા, ભગવાનના બહુ મહિમા પ્રતાપને પણ નહિ જાણનારા હતા, પણ કેવળ સમીપમાં આવીને તેમનો આશ્રય કરનારા હતા, તેઓને પણ કેવળ કૃપાથી જ યમદૂતો થકી રક્ષા કરીને મુક્તિ આપે છે. એવા આ દયાળુવર્ય શ્રીહરિ છે. ॥૩૯॥

मुमुक्षवः सुज्ञजनास्तु तस्य दृष्ट्वा प्रतापातिशयं स्वमुक्तयै ।
तदीयमेवाश्रयमाशु चक्रुः साक्षाद्विनिश्चित्य तमेव कृष्णम् ॥४०॥

મુમુક્ષુ સુજ્ઞજનોએ તો આ શ્રીહરિનો નિરતિશય પ્રતાપ જોઈને, 'આ સાક્ષાત્ સર્વેશ્વર શ્રીકૃષ્ણ જ છે' એવો સુદઢ નિશ્ચય કરીને મુક્તિ માટે તેમના જ ચરણકમળનો સમાશ્રય કર્યો હતો. ॥૪૦॥

केचित्तदीयाङ्घ्रिकरस्थचिन्हैस्तमैश्वरैर्निश्चितवन्त ईशम् ।
अनन्यसाध्येन समाधिनाऽपि केचिच्च तं साहजिकेन सुज्ञाः ॥४१॥

કેટલાક જનોએ શ્રીહરિના ચરણતળમાં તથા કરતળમાં વર્તતાં, પરમેશ્વરપણાને જણાવનારાં ધ્વજ, કમળ, ઊર્ધ્વરેખા વગેરે ચિહ્નોને જોઈને જ તેમનો સર્વેશ્વરપણે નિશ્ચય કરીને તેમનો સમાશ્રય કર્યો હતો. બીજા કેટલાક સુજ્ઞોએ તો જેને તેને અનન્યસાધ્ય સાહજિક સમાધિ કરાવવાનું ઐશ્વર્ય અવલોકીને પણ તેમનો સર્વેશ્વરપણે નિશ્ચય કરીને તેમનો સમાશ્રય કર્યો હતો. ॥૪૧॥

सतामसाधारणधर्मनिष्ठामालोक्य केचिच्च तदाश्रितानाम् ।
शास्त्रोदितामप्यनवेक्षमाणा विदुस्तमीशं ननु लोकसत्सु ॥४२॥

કેટલાક જનોએ તો આ શ્રીહરિના આશ્રિત સાધુજનોની શાસ્ત્રોક્ત અસાધારણ ધર્મનિષ્ઠાને જોઈને તેમ જ અન્ય લૌકિક સાધુઓમાં એવી ધર્મનિષ્ઠાને નહિ જોઈને જ શ્રીહરિનો પરમેશ્વરપણે નિશ્ચય કરીને તેમનો સમાશ્રય કર્યો હતો. ॥૪૨॥

ये दम्भभक्ता स्वमतं सदोषं त्यक्त्वा न कृष्णाश्रयमाचरंस्तान् ।
ऐश्वर्यमाश्चर्यमलौकिकं स्वं प्रादर्शयद्योगकला वितन्वन् ॥४३॥

જે કેટલાક દંભીભક્તો પોતાને મત દોષમય હોવા છતાં તેનો ત્યાગ નહિ કરીને કૃષ્ણાશ્રય થકી વિમુખ રહ્યા હતા, તેમને યોગકળાઓનો પ્રકાશ કરતા થકા પોતાનું અસાધારણ અલૌકિક ઐશ્વર્ય આશ્ચર્યરૂપ બતાવીને પોતાના અનન્ય આશ્રિત કર્યા હતા. ॥૪૩॥

सहस्त्रशस्ते च विना प्रयत्नं सद्यः समाधिं हृदयेऽलभन्त ।
स्वस्वेष्टदेवं च विलोक्य तत्र तमेव तं चापुरातिप्रहर्षम् ॥४४॥

એવા હજારો જનો શ્રીહરિના સંકલ્પથી જ ધારણા ધ્યાન આદિકના પ્રયત્ન વિના જ તત્ક્ષણ પોતપોતાના હૃદયમાં કૃપાથી સમાધિને પામ્યા હતા અને તે સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવ રૂપે શ્રીહરિને જ જોઈને પરમ હર્ષને પામ્યા હતા. ॥૪૪॥

ते व्युत्थिता आत्मन इष्टदेवं तमेव निश्चित्य स चित्रमाशु ।
विधाय तस्याश्रयमात्ममुक्त्यै तद्वाचि तस्थुः स्वमतं विहाय ॥४५॥

સમાધિથી બહાર આવેલા તેઓ અત્યાશ્ચર્યને પામીને શ્રીહરિને જ પોતાના ઈષ્ટદેવપણે નિશ્ચય કરીને, પ્રથમ માનેલા પોતાના મતનો તુરત ત્યાગ કરીને તેમના શરણને પામીને મુક્તિ માટે તેમની જ આજ્ઞામાં વશ વર્તનારા થઈ રહ્યા હતા. ॥૪૫॥

ये शुष्कवेदान्तविदो नरास्तान् जित्वाऽऽशु वादेन स सप्रमाणम् ।
उपासनं ब्रह्मण एव साक्षाद्दिव्याकृतेर्ग्राहयति स्म भक्त्या ॥४६॥

જે નરો શુષ્ક વેદાંતીઓ હતા તેમને તો તત્કાળ સપ્રમાણ વાદથી જીતીને સાક્ષાત્ દિવ્યાકૃતિ પરબ્રહ્મનું જ પ્રેમપૂર્વક ઉપાસન સ્વીકારાવ્યું હતું. ॥૪૬॥

तदाश्रयं ये विदधुश्च विप्रास्ते स्नानसन्ध्या मुखषट्क्रियाभिः ।
सहैव राधारमणस्य भक्तिं चक्रुः शमाद्यात्मगुणोपपन्नाः ॥४७॥

જે વિપ્રોએ આ શ્રીહરિનો આશ્રય કર્યો હતો તે સર્વે સ્નાન સંધ્યા આદિક ષટ્કર્મમાં તત્પર, શમ દમાદિ આત્મગુણોએ સંપન્ન થઈને રાધારમણ શ્રીકૃષ્ણની ભક્તિમાં પ્રવર્ત્યા હતા (ધર્મે સહિત ભક્તિમાં નિષ્ઠાવાળા થયા હતા) ।।૪૭।।

तदाश्रिता वर्णिजनाश्च सन्तो बृहद्व्रतं दुश्चरमष्टधैव ।
संपालयन्तोऽखिलसाधुधर्मा विलक्षणा लौकिकसद्भ्य आसन् ॥४८॥

જે શ્રીહરિના આશ્રિત વર્ણિજનો તથા સાધુજનો હતા તે સર્વે દઢ બ્રહ્મચર્ય વ્રતધારી થઈને, કળિવ્રતને અષ્ટપ્રકારે પાળવાની સાથે સમગ્ર સાધુગુણોએ પરિપૂર્ણ હોવાથી લૌકિક સાધુઓ થકી અત્યંત વિલક્ષણ જણાતા હતા. ।।૪૮।।

अन्ये च वर्णाश्रमिणः स्वधर्मं नित्यं यथाशास्त्रमिहाचरन्तः ।
भेजुर्हरिं भक्तिभरेण हित्वा तस्य प्रतापादखिलान्स्वदोषान् ॥४९॥

લોકમાં બીજા પણ ઘણા વર્ણાશ્રમીઓ સ્વધર્મને યથાશાસ્ત્ર નિત્ય આચરતા થકા શ્રીહરિના પ્રતાપથી પોતામાં રહેલા કામ ક્રોધાદિ બધા દોષોને છોડીને તેમને પ્રેમાતિશયથી ભજતા હતા. ॥૪૯॥

प्रापुः अतस्तं सधवस्त्रियोऽत्र पतिव्रताधर्म उरुप्रष्ठाम् ।
स्वधर्मनिष्ठा विधवस्त्रियश्च सद्ब्रह्मचर्ये स्थितिमापुरग्र्याम् ॥५०॥

લોકમાં જે સધવા-વિધવા સ્ત્રીઓ શ્રીહરિના સમાશ્રયવાળી હતી તે સર્વે પાતિવ્રત્ય ધર્મથી અને બ્રહ્મચર્યવ્રતથી પરિપૂર્ણ હોઈને, સ્વધર્મને નહિ ઉલ્લંઘન કરતી થકી તે ભગવાનમાં પરાભક્તિ રૂપ ઉત્તમ સ્થિતિને પામી હતી. ॥૫૦॥

संभारभारैर्विपुलैः स शुद्धैश्चित्रावहान्भूमिभुजामपीह ।
महोत्सवान्कृष्णजनुर्दिनादौ चक्रेऽन्नकूटप्रमुखान् मुहुश्च ॥५१॥

વળી આ ભગવાને જન્માષ્ટમી આદિક દિવસોએ નિરવધિ શુદ્ધ મહાસામગ્રી વડે મહારાજાઓને પણ આશ્ચર્ય ઊપજે એવા મહોત્સવો અને અન્નકૂટાદિ ઉત્સવો પણ વારેવારે કર્યા હતા. ।।૫૧।।

यज्ञान् स वैश्योत्तम ! वैष्णवांश्च व्यधापयद्भूपतिचित्रकर्तॄन् ।
मासान्बहून्भोजयति स्म विप्रान् सहस्त्रशः साधुजनान् मुहुश्च ।।५२।।

હે વૈશ્યોત્તમ ! વળી આ શ્રીહરિએ મહારાજાઓને પણ આશ્ચર્ય ઊપજે એવા અનેક વૈષ્ણવયાગો કરાવ્યા હતા અને બહુ માસપર્યંત અસંખ્યાત વિપ્રો તથા સાધુઓને અનેકવાર યથેષ્ટ જમાડ્યા હતા. ।।૫૨।।

महान्नसत्राणि च तत्र तत्र सोऽचीकरद्यात्रिकलोकतुष्ट्यै ।
यत्रागता भूरिसुखं यथेष्टं पान्था लभन्तेस्म जनाः सचित्रम् ।।५३।।

વળી આ પરોપકારી શ્રીહરિએ ઘણાં ગામોમાં યાત્રાળુ લોકોના સંતોષ માટે અનેક

અનુકૂળ અન્નસત્રો બંધાવ્યાં હતાં. કેવાં ? તો જેમાં આવેલા યાત્રાળુ લોકો આશ્ચર્યથી યથેચ્છ બહુ સુખને પામતા હતા. ।।૫૩।।

कूपांश्च वापीः स सरोवराणि सद्धर्मशाला अपि तत्र तत्र ।
व्याधापयज्जीवहिताय भूमौ सोपस्करा ब्रह्मपुरीरदाच्च ।।५४।।

વળી આ શ્રીહરિએ તે તે પ્રદેશોમાં જીવોના હિત માટે વાવો, કૂવાઓ, તળાવો અને સારી ધર્મશાળાઓ પણ કરાવી હતી. તથા ગૃહોપકરણે સહિત બ્રહ્મપુરીઓ દાનમાં આપી હતી. ।।૫૪।।

उपानयद्विप्रकुमारकांश्च यथोपयुक्तं द्रविणं स दत्वा ।
सहस्त्रशः कारयति स्म कन्यादानानि विप्रैश्च यथाविधानम् ।।५५।।

વળી ઘણા બ્રાહ્મણ બાળકોને ઉપયોગી ઘણું દ્રવ્ય ખર્ચીને ઉપવીતસંસ્કાર કરાવ્યો હતો. તેમજ ઘણા વિપ્ર કન્યાદાનો બહુ દ્રવ્યનો વ્યય કરીને યથાવિધિ કરાવ્યાં હતાં. ।।૫૫।।

कर्तुं न शक्तान्स्वऋणापहारं निजाश्रितान् कांश्चन धर्मनिष्ठान् ।
स उत्तमर्णेभ्य उरुप्रतापो दत्वा धनं मोचयति स्म सद्यः ॥५६॥

વળી બહુ પ્રતાપી આ શ્રીહરિએ પોતાના આશ્રિત ધર્મનિષ્ઠ કેટલાક જનોને મહાઋણથી પીડા પામતા તે ઋણ આપવા અસમર્થ તેઓને બહુ ધન આપીને તુરત દેણદારો થકી મુકાવ્યા હતા. ॥૫૬॥

उपसनाग्निं कतिचित्स विप्रांस्त्रेतामपि ग्राहयति स्म विज्ञान् ।
देयं धनं च प्रतिवर्षमेभ्यो न्यबन्धयद्येन हि कर्मसिद्धिः ॥५७॥

વળી કેટલાક વેદવેદી વિપ્રોને આવસથ્ય તો કેટલાકને ત્રેતાગ્નિ ગ્રહણ કરાવ્યો હતો. તે વિપ્રોને કુટુંબ પોષણમાં ઉપયોગી વાર્ષિક ધનની આવક પણ બાંધી આપી હતી, જેથી હોમકર્મને હાનિ નહિ પહોંચતાં તેની સિદ્ધિ થાય. ॥૫૭॥

गोभूहिरण्यादि च पर्वकाले दानं महद्विप्रवरेभ्य एषः ।
सदक्षिणं दापयति स्म भूयो यथाविधानं भुवि धर्मपोष्टा ॥५८॥

વળી ધર્મપોષક આ શ્રીહરિએ અમાવાસ્યાદિ પૂર્વ સમયે પૂર્ણ દક્ષિણા સાથે ગાયો, ભૂમિ, સુવર્ણ આદિક મહાદાનો વિપ્રવરોને યથાવિધિ બહુવાર અપાવ્યાં હતાં. ।।૫૮।।

प्रदर्शयच्च स्वकभूरिभक्तान् स ब्रह्मगोलोकमुखानि भूमा ।
दिव्यानि धामानि निजानि भूयस्तत्तन्महैश्वर्ययुतानि चान्तः ।।५९।।

વળી નિરવધિ સુખસ્વરૂપ આ ભગવાને કેટલાક પોતાના અનન્ય ભક્તોને બ્રહ્મપુર, ગોલોક આદિક દિવ્ય ધામો ત્યાંના ત્યાંના અનવધિ મહા આશ્ચર્યો સાથે સમાધિમાં સંકલ્પમાત્રથી બહુવાર બતાવ્યાં હતાં. ।।૫૯।।

सहैव तत्तत्परिचारकाद्यैर्निजावतारानपि पूर्ववृत्तान् ।
प्रादर्शयत्तत्तदुपासकेभ्यः सोऽचिन्त्यशक्तिः कतिचिज्जनेभ्यः ।।६०।।

વળી અચિંત્ય શક્તિવાળા આ શ્રીહરિએ પોતાના પૂર્વે થઈ ગયેલા વરાહાદિ અવતારોને પણ તેમના તેમના સેવકાદિ સાથે જ તેમના તેમના

ઉપાસક કેટલાક જનોને સંકલ્પમાત્રથી બતાવ્યા હતા. ॥૬૦॥

स जीवमायाबृहदीश्वराणां रूपाणि सच्छास्त्रविदां मतानि ।
निरूपयामास सभासु सम्यक् प्रादर्शयत्तानि च कांश्च शक्त्या ॥६१॥

વળી આ ભગવાને સચ્છાસ્ત્રોને જાણનારાઓએ માનેલાં જીવ માયા બ્રહ્મ ઈશ્વરનાં સ્વરૂપો સભામાં પૃથક્ પૃથક્ યથાશાસ્ત્ર રૂડી રીતે નિરૂપ્યાં હતાં અને કેટલાક જનોને તો તે જીવાદિકનાં સ્વરૂપોનો સ્વશક્તિથી સાક્ષાત્કાર પણ કરાવ્યો હતો. ॥૬૧॥

भ्रष्टाः स्वराज्यात्कतिचिच्च भूपा हृतश्रियः शत्रुजनैर्बलिष्ठैः ।
तदाश्रयेणैव पुनः स्वऋद्धिं प्राप्याधिकत्वं खलु पूर्वतोऽगुः ॥६२॥

બલીષ્ઠ શત્રુજનોએ રાજલક્ષ્મી હરિ લેતા રાજ્ય થકી ભ્રષ્ટ થયેલા કેટલાક રાજાઓ આ શ્રીહરિનો સમાશ્રય કરવાથી જ ફરી રાજ્યલક્ષ્મીને પામીને પૂર્વના કરતાં પણ અધિક સમૃદ્ધિને પામ્યા હતા. ॥૬૨॥

स्वेच्छानुरूपां पुरुषार्थसिद्धिं सकामभक्ताः किल तस्य चापुः ।
निष्कामभक्ता अपि भुक्तिमुक्ती तदिच्छयैवापुरनेकशोऽत्र ॥६३॥

વળી આ શ્રીહરિના અનેક સકામ ભક્તો યથેચ્છ પુરુષાર્થ સિદ્ધિને પામ્યા હતા. અનેક નિષ્કામ ભક્તો પણ આ શ્રીહરિના સંકલ્પથી જ આ લોકમાં ભુક્તિરૂપ સુખ અને પરલોકમાં મુક્તિરૂપ પરમ સુખને પામ્યા હતા. ॥૬૩॥

भक्तिप्रवृत्तेर्भुवि भूरिकालंमहान्ति कृष्णस्य स मन्दिराणि ।
व्यधापयद्यानि विलोक्य भूपा आश्चर्यमापुर्हृदयङ्गमानि ॥६४॥

વળી આ ભગવાને ભૂમિ ઉપર લાંબા કાળ પર્યંત ભક્તિની પ્રવૃત્તિ માટે મોટાં અનેક કૃષ્ણમંદિરો કરાવ્યાં છે. જે મનોહર મંદિરોને જોઈને રાજાઓ પણ આશ્ચર્યને પામે છે. ॥૬૪॥

निःसीमकारुण्यभरेण नृणां निःश्रेयसाय स्वकधर्मवंशे ।
अतिष्ठिपद्धर्मधुरां स्वकीयां धास्यंस्तिरो मानुषनाट्यमेषः ॥६५॥

આ પ્રકારે પૃથ્વી ઉપર ધર્મ પ્રવર્તાવીને માનુષ્ય નાટ્યોને તિરોધાન કરશે એવા આ શ્રીહરિએ નિરવધિ કૃપાથી જનોના કલ્યાણ માટે પોતાની ધર્મધુરા ધર્મવંશમાં સ્થાપન કરી છે. ॥૬૫॥

इति श्रीशतानन्दमुनिविरचितायां
श्रीमदादिनारायणकथायां द्वितीयोऽध्यायः ॥२॥

**ઈતિ શ્રીશતાનંદમુનિવિરચિતાયાં**
**શ્રીમદાદિનારાયણકથાયાં દ્વિતીયોડધ્યાયઃ ॥૨॥**

## અધ્યાય ૩જો

रामशर्मोवाच—

एवंविधान्यद्भुतानि कर्माणीह समाचरन् ।
सर्वथाऽऽश्रयणीयोऽभूद्धरिः साक्षाज्जगद्गुरुः ॥१॥

રામશર્મા કહે છે—હે શિવગુપ્ત ! આ લોકમાં આવાં કલ્યાણકારી અનેક આશ્ચર્યકારી

ચરિત્રોને કરતા એવા જગદ્ગુરુ સાક્ષાત્ આ શ્રીહરિ સર્વજનોએ સર્વ પર્રકારે આશ્રય કરવા યોગ્ય છે. ॥૧॥

अधुनाऽपि सभक्तेभ्यः स्वकीयेभ्यः क्वचित्क्वचित् ।
साक्षात्स्वदर्शनं दत्ते यथापूर्वं निजेच्छया ॥२॥

આ આદિનારાયણ શ્રીહરિ અહીંથી અંતર્ધાન થઈ ગયા છે તથાપિ ક્વચિત્ પોતાના ભક્તોને પોતાની ઈચ્છાથી જ પોતાનું સાક્ષાત્ દર્શન યથાપૂર્વ આપે છે. ॥૨॥

देहावसानकाले तु स्वभक्तेभ्यः स सर्वशः ।
दत्वा स्वदर्शनं दत्ते मुक्तिमेव यमादवन् ॥३॥

કિંબહુના-સમસ્ત સ્વભક્તોને દેહાવસાન સમયે આ સ્વયં શ્રીહરિ કૃપાથી પોતાનું દર્શન આપીને તેઓનું યમદૂતો થકી રક્ષણ કરીને મુક્તિને જ આપે છે. ॥૩॥

**तस्य जन्मदिने कार्यः सोपवासो महोत्सवः ।**
**वाञ्छितं सकलं तेन सिद्ध्यतीत्यनुभूयते ॥४॥**

આદિનારાયણ શ્રીહરિના જન્મ દિવસે ઉપવાસ સાથે મહોત્સવ કરવો. તેથી સમસ્ત વાંછિત સિદ્ધ થાય છે, એવો મને અનુભવ છે. ॥૪॥

**व्रतेनानेन निष्कामस्त्यागवानपि पुरुषः ।**
**ज्ञानवैराग्यसंसिद्धिं भक्तिपुष्टिमुपैति च ॥५॥**

નિષ્કામ ત્યાગીજન પણ આ વ્રતના અનુષ્ઠાનથી જ્ઞાન વૈરાગ્યની દૃઢ સિદ્ધિ અને તેથી શ્રીહરિમાં ભક્તિની પુષ્ટિને પામે છે.

**धर्मार्थी लभते धर्मं कामान्सर्वांश्च कामुकः ।**
**धनं धनार्थी लभते मोक्षार्थी मोक्षमीप्सितम् ॥६॥**
**भार्यार्थी लभते भार्यां पुत्रार्थी पुत्रमुत्तमम् ।**
**तस्मादेतद्व्रतं कार्यं नवम्यां चैत्रके सिते ॥७॥**

ધર્માર્થી ધર્મને પામ છે, કામાર્થી સર્વ કામોને પામે છે, ધનાર્થી ધનને પામે છે, મોક્ષાર્થી ઈપ્સિત મોક્ષને પામે છે, ભાર્યાર્થી ભાર્યાને પામે છે, પુત્રાર્થી ઉત્તમ પુત્રને પામે છે. એમ આ વ્રતથી સર્વ અર્થની સિદ્ધિ થાય છે. માટે મુમુક્ષુઓએ આ વ્રત ચૈત્ર માસના શુક્લપક્ષની નવમી તિથિએ અવશ્ય કરવું. ॥૬-૭॥

अष्टमीवेधरहिता शुक्लैषा नवमी मधोः ।
सूर्योदयस्था व्रतिभिर्ग्राह्या चोपोषणे तिथिः ॥८॥

હવે વ્રતમાં ગ્રાહ્ય તિથિનો નિર્ણય આપે છે— આ વ્રતના કર્તાઓએ ઉપવાસ કરવામાં અષ્ટમીના વેધે રહિત સૂર્યોદયવ્યાપીની નવમી તિથિ ગ્રહણ કરવી. ॥૮॥

शुद्धाधिका यदा चैषा विद्धा वाऽपि क्षयं गता ।
भवेत्तदा तु पूर्वत्रा ग्रहीतव्या व्रते तिथिः ॥९॥

આ તિથિ જો શુદ્ધા-અષ્ટમીના વેધે રહિત હોઈને આધિક-બે દિવસ વ્યાપતી હોય તો પૂર્વની જ તિથિ ઉપવાસમાં લેવી. જો અષ્ટમીના વેધવાળી નવમી ક્ષય પામી જતી હોય-એટલે પરદિને સૂર્યોદય પહેલાં જ નિવૃત્ત થઈ જતી હોય ત્યારે તો પ્રથમની વિદ્યા જ નવમી તિથિ વ્રતમાં લેવી. ॥૯॥

यदा पूर्वेदिने ह्यचेव रजन्यामश्विनीक्षणे ।
नवमीचन्द्रपुष्याणां योगः स्यान्न परत्र सः ॥१०॥
तदा तु विद्धाऽप्यष्टम्या सैव ग्राह्या व्रतोत्सवे ।
नवमी तादृशो योगो यतोऽभूद्धरिजन्मि ॥११॥

જો પૂર્વદિને અષ્ટમી વિદ્ધા નવમી હોય, પરદિને તો શુદ્ધા હોય, તથાપિ પૂર્વ દિવસે રાત્રિએ દશ ઘટિકા પરિમિત કાલ વ્યતીત થતાં જો પુણ્યનક્ષત્રનો યોગ હોય અને જો સોમવાર હોય અને પરદિને તે આ નવમી ચંદ્ર પુણ્યયોગ ન હોય

તો વિદ્ધા એવી પણ એ જ નવમી વ્રતોત્સવમાં સ્વીકારવી, પણ શુદ્ધા પરદિને વર્તતી ન સ્વીકારવી. કારણ કે શ્રીહરિના જન્મ સમયે આ બધો યોગ હતો. ॥૧૦-૧૧॥

चातुर्वर्ण्यस्याधिकारो भवत्यत्र सयोषितः ।
तस्मात्पुंभिश्च नारीभिः कार्यमेतद्व्रतं हरेः ॥१२॥

આ શ્રીહરિજયંતી વ્રતમાં ચારેય વર્ણોને તથા તેમની સ્ત્રીઓ પણ અધિકારી છે. માટે શ્રેયની ઈચ્છાવાળા સ્ત્રીપુરુષોએ શ્રીહરિનું આ વ્રત અવશ્ય કરવું. ॥૧૨॥

सर्वथैव विधातव्य उपवासोऽत्र तच्छ्रितैः ।
तत्पूजा महती कार्या रात्रा जागरणं च तैः ॥१३॥

શ્રીહરિના આશ્રિત વ્રતકર્તા સ્ત્રીપુરુષોએ આ વ્રતમાં નવમીનો ઉપવાસ સર્વથા જ કરવો. ફળાહારાદિ ન કરવું અને તે ભગવાનની મહાપૂજા કરવી અને રાત્રિએ જાગરણ કરવું. ॥૧૩॥

मिताहारो नरोऽष्टम्यां नवम्यामरुणोदये ।
उत्थाय चिन्तयन्कृष्णं देहशुद्धिं समाचरेत् ॥१४॥

વ્રતકર્તા નર પૂર્વદિને અષ્ટમીએ મિતાહારી થઈ, નવમીએ અરુણોદય સમયે ઊઠીને શ્રીહરિકૃષ્ણનું ચિંતન કરતો થકો દેહશુદ્ધિને કરે. ॥૧૪॥

अपां द्वादश गण्डूषाः कर्तव्या मुखशुद्धये ।
न दन्तधावनं कार्यं काष्ठेन व्रतवासरे ॥१५॥

સ્વચ્છ જળના બાર કોગળા વડે મુખશુદ્ધિને કરે, કાષ્ઠ વડે દંતાવધાન ન કરે,કેમ તો વ્રત દિવસે કાષ્ઠ વડે દંતધાવનનો નિષેધ કર્યો છે. ॥૧૫॥

कृत्वा स्नानादि कर्माथ हरिं नत्वा तदग्रतः ।
मन्त्रेणानेन नियमं गृह्णीयाद्व्रतकृन्नरः ॥१६॥

પછી વ્રતકર્તા જન સ્નાનાદિ નિત્યકર્મ કરીને, શ્રીહરિને નમસ્કાર કરીને તેમની આગળ આ મંત્રથી નિયમને ગ્રહણ કરે. ॥૧૬॥

अहोरात्रं निराहारो भवाम्यद्य जगत्पते ! ।
श्वो भोक्ष्ये व्रतमेतन्मे पालनीयं त्वया हरे ! ॥१७॥

નિયમગ્રહણ મંત્રને કહે છે—“હે જગત્પતે! આ દિવસે અહોરાત્ર નિરાહાર રહીને, આવતી કાલે આપનું પ્રાસાદિક અન્ન જમીશ. હે હરે ! આપની પ્રસન્નતામાં પ્રવર્તેલો હું, તે મારું આ વ્રત તમો પાલન કરો” આ મંત્રથી વ્રતને ગ્રહણ કરે. ॥૧૭॥

एवं गृहीत्वा नियमं नित्यकर्म समापयेत् ।
न व्यावहारिकं कर्म व्रती कुर्वीत तद्दिने ॥१८॥

વ્રતકર્તા જન આ પ્રકારે નિયમ ગ્રહણ કરીને નિત્યકર્મને સમાપ્ત કરે. વ્રત દિવસે વ્યાવહારિક કાંઈ પણ કર્મ કરે નહિ. ॥૧૮॥

तदेव कर्म कर्तव्यं कृष्णसंबन्धि यद्भवेत् ।
ब्रह्मचर्यं पालनीयं त्याज्यः क्रोधं तु सर्वथा ॥१९॥

વ્રત દિવસે વ્રતીએ જે કર્મ ભગવાનની પરિચર્યા રૂપ હોય તે જ કરવું, બીજું ન કરવું બ્રહ્મચર્ય વ્રત પાળવું. ક્રોધ તો સર્વ પ્રકારે ત્યાગ કરવો. ॥૧૯॥

स्त्रीणां निरीक्षणात्स्पर्शात्ताभिः सङ्कथनादपि ।
भ्रश्यति ब्रह्मचर्यं वै स्वभार्यायास्तु सङ्गतः ॥२०॥

પરદારાના નિરીક્ષણથી, તેણીના સ્પર્શથી, તેણી સાથે સંભાષણથી બ્રહ્મચર્ય વ્રતનો ભ્રંશ થાય છે, પોતાની સ્ત્રીનો તો અંગસંગ કરવાથી ભ્રંશ થાય છે, માટે આ સર્વનો વ્રત દિને ત્યાગ કરવો. ॥૨૦॥

दिवानिद्रा च ताम्बूलमेकोऽप्यन्नकणोऽशितः ।
उपवासं निहन्त्येव जलपानं मुहुस्तथा ॥२१॥

દિવસની નિદ્રાથી, તાંબૂલના ચર્વણથી, એક પણ અન્નકણના ભક્ષણથી ને વારેવારે જળપાનથી ઉપવાસનો નાશ જ થાય છે, માટે વ્રતદિને આ સર્વ વર્જવું. ॥૨૧॥

स्त्रीभिः शोको न कार्योऽत्र रोदनं सूत्रकर्तनम् ।
भूरिवस्त्रक्षालनं च सीवनं कलहस्तथा ॥२२॥

આ વ્રતમાં પ્રવર્તેલી સ્ત્રીઓએ ઉપવાસ દિવસે મૃત પુત્રાદિકને સંભારીને શોક કે રૂદન કરવું નહિ, સૂતર કાંતવું નહિ, બહુ વસ્ત્રો ધોવાં નહિ, વસ્ત્રો સીવવાં નહિ અને કોઈ સાથે કજિયો કરવો નહિ. ॥૨૨॥

निजशक्त्यनुसारेण व्रती संसाधयेद्दिवा ।
पूजोपहारान् सकलान्निशि संपूजयेद्धरिम् ॥२३॥

વ્રત કર્તા નરે દિવસે અપેક્ષિત સમગ્ર પુષ્પાદિ પૂજાપદાર્થો યથાશક્તિ મેળવીને રાત્રિએ શ્રીહરિની પૂજા કરવી. ॥૨૩॥

तत्र कार्यः शुचौ देशे मण्डपश्च सुशोभनः ।
रंभास्तंभैः सुवस्त्रैश्च पुष्पाशोकाम्रपल्लवैः ॥२४॥

વ્રત દિવસે પવિત્ર પ્રદેશમાં મંડપ કરવો. આ મંડપને કેળના થાંભલા, સારાં વિચિત્ર વસ્ત્રો,

વિવિધ પુષ્પો અને આસોપાલવ તથા આંબાના પલ્લવો, વગેરે વડે સુશોભિત કરવો. ॥૨૪॥

रङ्गैर्वल्लीशोभितेऽथ तन्मध्ये पीठ उत्तमे ।
पञ्चवर्णैर्विरचिते तण्डुलैर्मण्डले शुभे ॥२५॥
सर्वतोभद्रसंज्ञे वा तण्डुलाष्टदले व्रती ।
अव्रणं ताम्रकलशं स्थापयेदंबुना भृतम् ॥२६॥

તે પછી મંડપના મધ્યમાં રંગવલ્લીથી સુશોભિત એવા ઉત્તમ પીઠ (બાજોઠ) ઉપર રક્તાદિ પાંચ વર્ણના રંગોથી રંગેલા આખા ઝીણા ચોખા વડે રચેલા સર્વતોભદ્ર નામના શુભ મંડળમાં અથવા તેવા તાંદુળથી રચેલા અષ્ટદળવાળા કમળમાં છિદ્રવર્જિત તામ્રકળશને જળથી ભરીને વ્રતકર્તા સ્થાપન કરે. ॥૨૫-૨૬॥

पञ्चरत्नाद्युपेतेऽस्मिस्तांम्रपात्रे सदासने ।
स्थापयेत्प्रतिमां हैमीं यथाशक्ति कृतां हरेः ॥२७॥

તે તામ્રકળશમાં પંચરત્ન તથા પંચ પલ્લવાદિકને મૂકે. આવા કળશ ઉપર સ્થાપેલા તામ્રપાત્ર વિષે અમૂલ્ય વસ્ત્રાદિ વડે રચેલા શ્રેષ્ઠ આસનમાં યથાશક્તિ કરાવેલી કાંચનમયી શ્રીહરિ પ્રતિમાને સ્થાપન કરે. ॥૨૭॥

भक्तिधर्मयुतस्यास्य हरिकृष्णस्य यत्र तु ।
प्रतिमा स्यात्स्थिरा वाऽपि मन्दिरे चपला तु सा ॥२८॥
तस्या एवार्चनं तत्र व्रती कुर्याद्यथाविधि ।
अन्यत्र हैमी कर्तव्या तन्मूर्तिः पूजनाय तु ॥२९॥

સ્થાપેલી તે પ્રતિમાની પૂજા કરે. જે મંદિરમાં આ શ્રીહરિકૃષ્ણની ભક્તિ-ધર્મ સાથેની પ્રતિમા અચલા કે ચલા હોય ત્યાં તેની જ પૂજા યથાવિધિ વ્રતકર્તાએ કરવી. અન્યત્ર તો ઉક્ત પ્રકારે શ્રીહરિની સુવર્ણમયી પ્રતિમા કરાવીને પૂજા કરવી. ॥૨૮-૨૯॥

स्थाप्याऽस्य दक्षिणे भक्तिर्वामे धर्मस्तु पश्चिमे ।
सङ्कर्षणो दधच्छत्रं प्रद्युम्नो व्यजनं तथा ॥३०॥

શ્રીહરિના જમણા ભાગમાં સુવર્ણમયી ભક્તિપ્રતિમા સ્થાપવી. ડાબા ભાગમાં સુવર્ણમયી ધર્મમૂર્તિ સ્થાપવી. આવા શ્રીહરિના પશ્ચિમ ભાગમાં (પછવાડે), હસ્તમાં છત્રને ધરી રહેલા સંકર્ષણ (રામપ્રતાપ) સ્થાપવા, તથા હસ્તમાં વીંજણાને ધરી રહેલા પ્રદ્યુમ્ન (ઈચ્છારામ) સ્થાપવા. ॥૩૦॥

आचार्येन्द्रौ हरेः पुत्रौ दम्पत्यग्रे सचामरौ ।
स्थाप्यौ नक्तकदो रौप्यः श्रीहर्यग्रे तथोद्धवः ॥३१॥

દંપતી ધર્મભક્તિના અગ્ર પ્રદેશમાં (પડખામાં) હસ્તમાં ચામરને ધારી રહેલા શ્રીહરિના દત્તપુત્રો, આચાર્યવર્ય અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને સ્થાપવા. શ્રીહરિની આગળ હાથમાં રૂમાલને ધારી રહેલા રૂપામય ઉદ્ધવાવતાર શ્રીરામાનંદસ્વામી સ્થાપવા. ॥૩૧॥

धर्माद्युपेतस्य हरेर्महापूजां ततो व्रती ।
विधाय जागरं कुर्यात्तत्कथाश्रवणादिभिः ॥३२॥

તે પછી વ્રતકર્તા ધર્માદિકે સહિત ભગવાન શ્રીહરિની મહાપૂજાને યથાવિધિ કરે. રાત્રિએ શ્રીહરિની દિવ્ય કથાના શ્રવણકીર્તનાદિ વડે જાગરણ કરે. ॥૩૨॥

अशक्त उपवासे तु पूजनान्ते हरेर्निशि ।
किञ्चित्कुर्यात्फलाहारं पिबेद्वा कुडवं पयः ॥३३॥

નિરાહાર ઉપવાસ કરવા અશક્ત એવો વ્રતકર્તા તો રાત્રિએ શ્રીહરિના પૂજનને અંતે કિંચિત્ ફળાહાર કરે અથવા ચાર પળ પરિમિત (લગભગ અર્ધો શેર) દૂધ પીવે. ॥૩૩॥

प्रातः कृत्वा पुनः पूजां कुर्यात्तस्य विसर्जनम् ।
विप्राय प्रतिमां दत्वा सतो विप्रांश्च भोजयेत् ॥३४॥

બીજે દિવસે પ્રાતઃકાળે ઊઠીને સ્નાનાદિ નિત્યકર્મ કરી પરવારીને, ફરીથી શ્રીહરિની

પૂજા કરીને વિસર્જન કરે. પૂજેલી તે પ્રતિમા વિપ્રને આપે અને બ્રાહ્મણો તથા સાધુઓને જમાડે. ॥૩૪॥

ततश्च स्वजनैः साकं व्रती कुर्वीत पारणाम् ।
एवं कृते व्रते सर्वे सफलाः स्युर्मनोरथाः ॥३५॥

તે પછી વ્રતધારી જન સ્વજનો સાથે પારણાં કરે. આ રીતે વ્રત કરવાથી વ્રતીના સર્વ મનોરથો સફળ થાય છે. ॥૩૫॥

पूजनादावशक्तस्तु हरिमन्यसमर्चितम् ।
भक्त्यैव प्रणमेद्दृष्ट्वा तद्भक्तांश्च सतः पुमान् ॥३६॥

આવા પૂજનાદિકમાં અશક્ત પુરુષે તો બીજા કોઈ સમર્થે પૂજેલી શ્રીહરિ પ્રતિમાના દર્શન કરીને ભક્તિથી પ્રણામ જ કરે તથા શ્રીહરિના એકાંતિક ભક્ત સાધુજનોનાં દર્શન કરી ભક્તિથી પ્રણામ કરે. ॥૩૬॥

तावता पूजनस्यासौ प्राप्नुयात् फलमञ्जसा ।
एतद्व्रतं सर्वथाऽतः कर्तव्यं सकलैर्नरैः ॥३७॥

તેટલા માત્રથી પણ આ અશક્ત પુરુષ સાક્ષાત્ કરેલા પૂજનના ફળને અનાયાસથી પામે. આ વ્રતનો આવો મોટો મહિમા છે, તો સર્વ જનોએ આ વ્રત અવશ્ય કરવું. ॥૩૭॥

त्वं तूद्यापनसहितं नूनमेतद्व्रतं कुरु ।
इह पुत्रफलं तेन प्राप्य मुक्तिं च यास्यसि ॥३८॥

હે શિવગુપ્ત ! તમે તો આ શ્રીહરિજયંતી વ્રતને ઉદ્યાપને સહિત નિશ્ચે કરો. આ વ્રતના અનુષ્ઠાનથી આ લોકમાં પુત્રફળને પામીને અંતે મુક્તિને પામશો. ॥૩૮॥

श्रीशुकानंद उवाच–

इत्युक्त्योद्यापनविधिं तस्मै प्रोवाच स द्विजाः ! ।
सोऽपि निश्चित्य तं कृष्णमकरोत्तत्द्रढाश्रयम् ॥३९॥

શુકાનંદ મુનિ કહે છે—હે વિપ્રો ! રામશર્મા વિપ્રે આ પ્રકારે શિવગુપ્તને કહીને, પછીથી સમગ્ર ઉદ્યાપનવિધિ કહી સંભળાવ્યો. શિવગુપ્તે પણ આ ધર્મપુત્ર શ્રીહરિ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે એવો નિશ્ચય કરીને તેમનો જ દૃઢપણે આશ્રય કર્યો. ॥૩૯॥

गृहमेत्य सभार्योऽथ व्रतं चक्रे यथाविधि ।
कालेनाल्पेन सत्पुत्रं प्रसादात्प्राप स प्रभोः ॥४०॥

તે પછી પોતાને ઘેર આવીને શિવગુપ્તે ભાર્યા સાથે યથાવિધિ વ્રત કર્યું. વ્રતથી પ્રસન્ન આદિનારાયણ મહાપ્રભુના અનુગ્રહણથી અલ્પ કાળમાં તેને સત્પુત્રની પ્રાપ્તિ થઈ. ॥૪૦॥

भक्तास्ततोऽन्ये बहवो द्विजेन्द्राः स्वस्वेष्टकार्यस्य निरन्तरायम् ।
सिद्ध्यै विधाय व्रतमेतदिष्टं प्रापुः फलं स्वेप्सितमक्षयं च ॥४१॥

હે વિપ્રો ! તે પછી બીજા પણ હરિભક્તો પોતપોતાના ઈષ્ટ કાર્યની નિર્વિઘ્ન સિદ્ધિ માટે આ વ્રતને કરીને ઈષ્ટ ઐહિક ફળને પામ્યા હતા

તેમજ ઈપ્સિત અક્ષયફળને પણ પામ્યા હતા. ॥૪૧॥

इति श्रीशतानन्दमुनिविरचितायां
श्रीमदादिनारायणकथायां तृतीयोऽध्यायः ॥३॥

**ઈતિ શ્રી શતાનંદમુનિવિરચિતાયાં**
**શ્રીમદાદિનારાયણકથાયાં તૃતીયોડધ્યાયઃ ॥૩॥**

## અધ્યાય ૪થો

श्रीशुकानन्द उवाच–

पृष्टं भवद्भिर्यद्विप्रा ! मयोक्तं तच्च वोऽखिलम् ।
श्रव्या अन्यास्तथा वार्ताः श्रृणुध्वं वच्म्यहं ध्रुवम् ॥१॥

શુકાનંદ મુનિ કહે છે–હે વિપ્રો ! તમોએ જે શિવગુપ્તનું આખ્યાન પૂછ્યું તે સઘળું મેં તમને કહી સંભળાવ્યું. તેવી જ રીતે બીજી પણ અવશ્ય સાંભળવા યોગ્ય વાર્તા હું કહું છું તેને એકાગ્ર મનથી તમો સાંભળો. ॥૧॥

कश्चिन्मुग्धपुरावासश्चरोत्तराधिनायकः ।
वैश्येन्द्रोऽजयनामाऽऽसीद्धर्मनिष्ठस्तथाऽऽस्तिकः ॥२॥

ચરોત્તર દેશના અધિપતિ, મહુધાપુરના નિવાસી, ધર્મનિષ્ઠ, આસ્તિક, અજય (અજુભાઈ) નામના કોઈ એક વૈશ્ય (પાટીદાર અમીન) હતા. ॥૨॥

मोक्षार्थं क्षेत्रतीर्थानि प्रसिद्धानीह भारते ।
बभ्रामाप्यात्मनः सिद्धिं मनोरथस्य नाप सः ॥३॥

આ વૈશ્યવર્ય મોક્ષ માટે આ ભરતખંડમાં જેટલાં તીર્થક્ષેત્રો પ્રસિદ્ધ છે તે સર્વમાં ફર્યા તથાપિ પોતાના મોક્ષરૂપ મનોરથની સિદ્ધિને પામ્યા નહિ. ॥૩॥

ततो गृहागतस्यास्य मुक्तानन्दमहामुनेः ।
दैवेच्छयेक्षणं जातं तच्छरणं स जगाम च ॥४॥

તે પછી દૈવેચ્છાએ પોતાને ઘેર આવેલા મહામુનિ મુક્તાનંદજીનાં દર્શન થતા તેમના શરણને પામ્યા. ॥૪॥

मुनीन्द्रः स हरेः साक्षान्निश्चयं तं व्यधापयत् ।
मेने कृतार्थमात्मानं प्राप्य साक्षाद्धरिं स त ॥५॥

શરણને પામેલા વૈશ્યવર્ય અજયને મહામુનિ મુક્તાનંદે પ્રત્યક્ષ શ્રીહરિનો સુદૃઢ નિશ્ચય કરાવ્યો. દૃઢ નિશ્ચયવાળા આ વૈશ્ય સાક્ષાત્ શ્રીહરિને પામીને પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. ॥૫॥

शास्त्रसाधुप्रसङ्गेन दृढभक्तोऽभवद्धरेः ।
सपत्निकस्य पुत्रेच्छा गुप्ता तस्याभवद्धृदि ॥६॥

અને સચ્છાસ્ત્રના અભ્યાસથી અને સાધુ સમાગમથી શ્રીહરિના દૃઢ ભક્ત થયા. તથાપિ સપત્નીક આ વૈશ્યના હૃદયમાં ગુપ્તપણે પુત્રની ઈચ્છા થઈ આવી. ॥૬॥

धनधान्यादिसंपद्भिराढ्यः सोऽपि सुतं विना ।
अतुष्टः शरणं प्रायान्मुकुन्दानन्दवर्णिनम् ॥७॥

ધન-ધાન્ય આદિક સંપત્તિએ સંપન્ન એવા પણ આ અજય વૈશ્ય, પુત્ર વિના મનમાં અસંતુષ્ટ હોઈને નિશ્ચય કરાવનારા મુક્તાનંદમુનિ તો અક્ષરવાસી થયેલા હોવાથી મુકુંદાનંદ વર્ણિના શરણને પામીને પ્રાર્થના કરવા લાગ્યા. ॥૭॥

वर्णिराट् श्रीहरेः साक्षात्कृपापात्रं भवान्प्रभो ! ।
लोकानां श्रेयसे भूमौ भ्रमणं तेऽस्ति मादृशात् ॥८॥

હે સમર્થ વર્ણિરાજ ! તમે પ્રત્યક્ષ શ્રીહરિના મહાકૃપાપાત્ર છો. પૃથ્વી ઉપર તમારું જે વિચરણ છે તે મારા જેવા અર્થી લોકોના શ્રેય માટે જ છે. ॥૮॥

अखिलप्राणिसङ्कल्पांस्त्वं जानास्यन्तरात्मना ।
अतः पूर्णीकुरु ब्रह्मन् सकामस्य ममेच्छितम् ॥९॥

હે બ્રહ્મન્ ! તમે સમગ્ર પ્રાણીઓના સંકલ્પોને અંતરાત્માપણે જાણો છો. એટલે મારે કહેવાની જરૂર નથી. તો સકામ એવો હું તે મારું વાંછિત સંપૂર્ણ કરો. ॥૯॥

एवं तेनार्थितो विप्रा ! वर्णीन्द्रः सस्मितानन: ।
वैश्येन्द्रं तं हरेर्भक्तमब्रवीत्तस्य हार्दवित् ॥१०॥

હે વિપ્રો ! આ રીતે અજય વૈશ્યે પ્રાર્થના કરેલા વર્ણિરાજ મુકુંદાનંદજી તેમના હૃદગત અભિપ્રાયને જાણતા હોવાથી મંદમંદ હસતા થકા હરિભક્ત વૈશ્યવર્ય પ્રત્યે આ પ્રકારે બોલ્યા. ॥૧૦॥

वैश्येन्द्र ! श्रद्धयाऽद्य त्वमादिनारायणव्रतम् ।
सह पतन्या कुरु प्रीत्या तत्रास्त्रि तत्प्रसन्नता ॥११॥

હે વૈશ્યેન્દ્ર ! હમણાં જ તમો પત્ની સાથે આદિનારાયણનું વ્રત શ્રદ્ધાપૂર્વક પ્રીતિથી કરો. કેમ કે આ વ્રતમાં શ્રીહરિની બહુ પ્રસન્નતા વર્તે છે. ॥૧૧॥

प्रोक्तस्तेनेति वैश्येन्द्रस्तदुक्तविधिना स तत् ।
कृत्वाऽर्चयत्सयूथं तं भुवं श्रीशाय चार्पयात् ॥१२॥

આ રીતે વર્ણીન્દ્રે કહેલા વૈશ્યેન્દ્રે વર્ણિએ કહેલા વિધિને અનુસારે શ્રીહરિવ્રત કરીને, મંડળ સાથે વર્ણિની પૂજા કરીને, લક્ષ્મીનારાયણ દેવને નિરંતર પૂજા પ્રવાહની સિદ્ધિ માટે કેટલી જમીન શ્રીકૃષ્ણાર્પણ કરી. ॥૧૨॥

तानन्यांश्च हरेर्भक्तान्ब्राह्मणान्मिष्टभोजनैः ।
सन्तर्प्य बुभुजे साकं संबन्धिभिस्तदाज्ञया ॥१३॥

અને બ્રહ્મચારી તથા બીજા પણ બહુ હરિભક્ત બ્રાહ્મણોને મિષ્ટાન્ન ભોજન વડે સંતુષ્ટ કરીને, વર્ણિની આજ્ઞાથી પોતે સંબંધીજનો સાથે પારણાં કર્યાં. ॥૧૩॥

सत्पुत्रं सोऽथ संप्राप नारायणप्रसादतः ।
गुणैरात्मनिभं कृष्णभक्तं चात्मकुलं धरम् ॥१४॥

આ વ્રતના અનુષ્ઠાનથી તેમની ઉપર આદિનારાયણની અતિશય પ્રસન્નતા થઈ અને તેથી તેમને ગુણે કરીને પોતાને તુલ્ય, હરિકૃષ્ણમાં

ભક્તિનિષ્ઠાવાળા અને પોતાના કુળને ધરનારા એવા સત્પુત્રને પામ્યા. ॥૧૪॥

विप्रेन्द्रास्तत्प्रसादस्यानादरादरयोः फलम् ।
सङ्क्षेपात्कथयेऽद्याहं महात्म्यं ज्ञायतेऽस्य यत् ॥१५॥

હે વિપ્રો ! આદિનારાયણના પ્રસાદનો આદર તથા અનાદર કરવાથી જે ઈષ્ટ-અનિષ્ટ ફળ થાય છે તે હવે હું સંક્ષેપમાં કહું છું, તેને સાંભળો, જેના શ્રવણથી તેનું માહાત્મ્ય સમજવામાં આવે. ॥૧૫॥

मरुगुर्जरमध्यस्थदेशानामधिपो नृपः ।
कश्चिद्गंभीरसिंहोऽभूत्साक्षात्तु विमुखो हरेः ॥१६॥

મારવાડ અને ગુજરાત દેશના મધ્યમાં વર્તતા દેશોના અધિપતિ ઈડરપુરનિવાસી કોઈ એક ગંભીરસિંહ નામનો રાજા હતો. આ રાજા સાક્ષાત્ શ્રીહરિ થકી તો વિમુખ હતો. ॥૧૬॥

मानुष्यपुरे भूपः स भक्तस्य च महाप्रभोः ।
एकदाऽनन्दजितः स्वसंवन्धिनोऽगमत्गृहम् ॥१७॥

આ રાજા એક સમયે મનુષ્યપુરમાં સાક્ષાત્ મહાપ્રભુ શ્રીહરિના અનન્ય ભક્ત અને પોતાના સંબંધી એવા આનંદજીતને ઘેર આવ્યા. ॥૧૭॥

भक्तेन्द्रः सोऽकरोत्साक्षादादिनारायणव्रतम् ।
व्रते तस्मिन्समाप्ते च साधून्विप्रानभोजयत् ॥१८॥

આ દિવસે ભક્તવર્ય આનંદજીતે પ્રત્યક્ષ આદિનારાયણ શ્રીહરિનું વ્રત કર્યું અને તેની સમાપ્તિમાં સાધુ બ્રાહ્મણોને યથેષ્ટ જમાડ્યા. ॥૧૮॥

तस्मै भूपाय स प्रादात्तत्प्रसादं हरिश्रितः ।
प्रसादानादरं चक्रे कुसङ्गाच्च्य नृपो मदात् ॥१९॥

તે પછી હરિભક્ત આનંદજીતે ગંભીરસિંહ રાજાને આદિનારાયણનો પ્રસાદ આપવા માંડ્યો પણ રાજાએ કુસંગને લીધે તેમજ રાજ્યમદને લીધે તે પ્રસાદનો અનાદર કર્યો. ॥૧૯॥

आनन्दजित्त्वस्यानिष्टं भावि ज्ञात्वैव सोऽन्तरे ।
किमपि नाब्रवीत्सोऽथ नृपोऽगात्स्वपुरं ततः ॥२०॥

આનંદજીત ભક્ત તો આ રાજાને ભવિષ્યમાં થનારા અનિષ્ટને અંતરમાં જાણીને જ કાંઈ પણ બોલ્યા જ નહિ. અનંતર રાજા ત્યાંથી પોતાના પુર પ્રત્યે પાછો આવ્યો. ॥૨૦॥

ततस्तस्य स्वपत्नीषु सबीजस्यापि भूपतेः ।
भगवतस्तद्भक्तस्यापराधान्नाभवत्सुतः ॥२१॥

સબીજ એવા પણ આ રાજાને ભગવત્પ્રસાદનો અનાદર અને વળી ભગવદ્ભક્તિનો અપરાધ આ બે કારણોથી પોતાની સ્ત્રીઓમાં પુત્ર થયો નહિ. ॥૨૧॥

पुत्रार्थं स उपायांस्तु बहून् स्त्रीभिः सह व्यधात् ।
पतिं त्यक्त्वा यथा कुर्यात्तदर्थमबलाऽत्र तान् ॥२२॥

આ રાજાએ સ્ત્રીઓ સાથે પુત્રપ્રાપ્તિ માટે ઉપાયો તો બહુ બહુ કર્યાં, પણ તે નિષ્ફળ થયા.

જેમ લોકમાં કોઈ સ્ત્રી પોતાના પતિનો ત્યાગ કરીને પુત્ર માટે અલ્પ ઉપાય કરે તે નિષ્ફળ થાય છે તેમ. ।।૨૨।।

येन वेन वदुत्कं तत्पुत्रार्थं स व्रतादिकम् ।
यथाविधि नृपश्चक्रे देवोपयाचितान्यपि ।।२३।।

વળી આ પુત્રાર્થી રાજાએ પુત્રપ્રાપ્તિ માટે વિપ્રાદિજને જે જે વ્રતાદિક કરવાનું કહ્યું તે સર્વ પણ યથાવિધિ કર્યું અને ઘણા દેવોની માનતા બાધાઓ પણ કરી. ।।૨૩।।

तथाऽप्यलब्ध्वा तनयं चिन्तयतस्तमन्तरे ।
स्मरतश्चानन्दजितं वृद्धस्यास्य खवागभूत् ।।२४।।

આ રીતે બહુ પ્રયત્ન કરવા છતાં પુત્રને નહિ પામતાં તેનું જ અંતરમાં ચિંતન કર્યા કરતા, ભક્તરાજ આનંદજીતને પણ સંભારતા, વૃદ્ધ દશામાં આવી ગયેલા આ રાજાને સદ્‌ભાગ્યવશાત્ અચાનક આકાશવાણી થઈ. ।।૨૪।।

प्रसादोऽनादृतश्चादिनारायणस्य ते नृप ! ।
प्रत्यक्षहरिभक्तस्य कृताऽवज्ञा च दुर्धिया ॥२५॥
अतो न जायते पुत्रस्तव बीजवतोऽपि हि ।
तदुपायं ततो भूप ! कुरु येन सुतो भवेत् ॥२६॥

થયેલી આકાશવાણી કહે છે-હે રાજન્ ! તમે કુસંગને લીધે એક તો આદિનારાયણ શ્રીહરિના દેવદુર્લભ પ્રસાદનો અનાદર કર્યો છે અને બીજું પ્રત્યક્ષ શ્રીહરિના એકાંતિક ભક્તની દુર્બુદ્ધિથી અવજ્ઞા કરી છે. આ કારણથી સબીજ એવા પણ તમને પુત્ર થતો નથી. માટે હવે હે ભૂપ! જે ઉપાય કરવાથી પુત્ર થાય એવો ઉપાય કરો. ॥૨૫-૨૬॥

स श्रुत्वा तां नृपो वाणीं भक्तेन्द्रं तं महादरात् ।
आनन्दजितमाह्वाप्य विनयेनाब्रवीच्च तम् ॥२७॥

આવી આકાશવાણી સાંભળીને ગંભીરસિંહ રાજા ભક્તરાજ સંબંધી

આનંદજીતને બહુ આદરથી પોતાને ઘેર બોલાવીને વિનયથી બોલ્યા. ।।૨૭।।

प्रसन्नोऽद्य मयि त्वं स्या अहं त्वं च यथा वद ।
कुर्वे निष्कपटो भूत्वा भक्तः साक्षाद्धरेर्भवान् ।।२८।।

શું ? તો હવે તમે મારી ઉપર પ્રસન્ન થાવ. તમે જેમ કહેશો તેમ હવે હું નિષ્કપટ થઈને કરીશ. તમે પ્રત્યક્ષ શ્રીહરિના મહાન ભક્ત છો. ।।૨૮।।

इति तेनार्थितो भक्तः स्वामिनारायणस्य सः ।
ऊचे कृपार्द्रचित्तस्तमिच्छंस्तद्धितमुत्तमम् ।।२९।।

આ રીતે રાજાએ પ્રાર્થના કરેલા, સ્વામિનારાયણના અનન્ય ભક્ત એવા આનંદજીત દયાથી ભીના હૃદયવાળા હોવાથી તેનું ઉત્તમ હિત ઈચ્છતા થકા તેના પ્રત્યે બોલ્યા. ।।૨૯।।

राजंस्त्यक्त्वा कुसङ्गं त्वं सत्सङ्गी भव सर्वथा ।
भक्तिधर्मात्मजं कृष्णं धर्मेणाराधयान्वहम् ।।३०।।

करिष्यसि यदैवं त्वं प्रीतोऽहं स्यां न चान्यथा ।
श्रुत्वैवं तद्वचो भूत्वा सत्सङ्गी सोऽभजद्धरिम् ॥३१॥

હે રાજન્ ! તમે કુસંગનો ત્યાગ કરીને સર્વ પ્રકારે સત્સંગી થાવ. અને ભક્તિધર્મના પુત્ર ભગવાન શ્રીહરિકૃષ્ણનું પ્રતિદિન ધર્મ સહિત આરાધન કરો. જ્યારે તમો આ રીતે કરશો ત્યારે હું તમારી ઉપર પ્રસન્ન થઈશ. આ થકી બીજા પ્રકારથી હું પ્રસન્ન થઈશ નહિ. આવું ભક્તરાજ આનંદજીતનું હિતવચન સાંભળીને રાજા સત્સંગી થયા અને હરિભક્તિમાં તત્પર થયા. ॥૩૦-૩૧॥

समण्डलं स्वदेशेऽथ विचरन्तं बटूत्तमम् ।
वासुदेवानन्दसंज्ञं स्वपुरे नृप आह्वयत् ॥३२॥

અનંતર રાજાએ પોતાના દેશમાં જ મંડળ સાથે ફરતા વર્ણિવર્ય વાસુદેવનાનંદજીને જાણીને તેમને પોતાના પુરમાં તેડાવ્યા. ॥૩૨॥

महादरेण वर्णीन्द्रं समाहाप्य प्रणम्य सः ।
सुष्ठावासे निवास्यैनं संभोज्यार्च्य ह्यसेवत ॥३३॥

આવેલા વર્ણીન્દ્રને બહુ આદરભાવથી પુરમાં પધરાવીને, સાષ્ટાંગ પ્રણામ કરીને, ઉત્તમ ઉતારામાં ઉતારીને, સારી રીતે જમાડીને, પૂજા કરીને, તેમની સેવામાં તત્પર થયા. ॥૩૩॥

भक्तस्यापि सकामस्य तस्येच्छां ज्ञातवान्स च ।
तत्कृतं हर्यपराधं तद्‌भक्तानादरादसौ ॥३४॥
कृपांभोधिः स वर्णीन्द्र आदिनारायणव्रतम् ।
तेन कारयित्वा तस्मै तत्प्रसादमभोजयत् ॥३५॥
अथोवाच नृपं वर्णी संपूर्णस्ते मनोरथः ।
राजन्भविष्यति शीघ्रं निश्चिन्तस्त्वं भवाधुना ॥३६॥

સેવાથી સંતુષ્ટ થયેલા વર્ણીન્દ્ર હરિભક્ત છતાં પણ સકામ એવા રાજાની પુત્રેચ્છાને જાણીને તેમજ તેણે કરેલો શ્રીહરિનો અપરાધ (તેમના પ્રસાદના અનાદર રૂપ) તથા તેમના ભક્તનો

કરેલો પ્રથમ અનાદર અને પછી કરેલો આદર તેને પણ જાણીને, સ્વયં કૃપાનિધિ હોવાથી તે રાજા પાસે આદિનારાયણ શ્રીહરિનું વ્રત યથાવિધિ કરાવીને તેમનો મહાપ્રસાદ રાજાને જમાડીને તેમના પ્રત્યે પ્રસન્નતાથી બોલ્યા કે-હે રાજન્ ! તમારો મનોરથ જલદી સંપૂર્ણ થશે. માટે હવે તમે ચિંતાએ રહિત થયા. ॥૩૪-૩૬॥

सत्पुत्रस्तस्य वृद्धस्य नृपस्याभूत्ततो द्विजाः ! ।
तदाज्ञयैव तेनाथ मन्दिरं कारितं महत् ॥३७॥

શુકાનંદ મુનિ કહે છે—હે વિપ્રો ! અનંતર વૃદ્ધ એવા પણ રાજાને યુવસિંહ નામના સત્પુત્રની પ્રાપ્તિ થઈ. તે પછી આ રાજાએ વર્ણીની આજ્ઞાથી ઈડરમાં મોટું મંદિર શિખરબદ્ધ કરાવ્યું. ॥૩૭॥

विधाप्य भगवन्मूर्तिस्थापनं तत्र भक्तितः ।
तत्पूजाद्रव्यसिद्धयर्थं बद्धा वृत्तिश्च शोभना ॥३८॥

કરાવેલા તે મંદિરમાં રાજાએ ગોપીનાથ નામની ભગવન્મૂર્તિની યથાવિધિ ભક્તિથી પ્રતિષ્ઠા કરાવીને, તે દેવની પૂજામાં નિરંતર ઉપયુક્ત પદાર્થોની સિદ્ધિ માટે સારી વૃત્તિ પણ ક્ષેત્ર વર્ષાસનાદિ બાંધી આપી. ॥૩૮॥

प्राप्य केचिज्जनास्तस्य प्रसादं तु महादरात् ।
स्वस्वमनोरथसिद्धिं लेभिरेऽत्र परत्र च ॥३९॥

આ જ રીતે બીજા કેટલાક ભક્તજનો પણ આદિનારાયણના પ્રસાદને અત્યાદરથી ગ્રહણ કરીને, આ લોક પરલોકમાં પોતપોતાના મનોરથની સિદ્ધિને પામ્યા હતા. ॥૩૯॥

वैकुण्ठानन्दवर्णीन्द्राद्वेदबाहुरयं द्विजः ।
तं भक्त्याऽप्य सुपुत्रत्वं लेभे दास्यं हरेस्तथा ॥४०॥

સભામાં બેઠેલો કોઈ વેદબાહુ નામનો વિપ્ર, વૈકુંઠાનંદવર્ણિ થકી આદિનારાયણનો પ્રસાદ પ્રેમથી સ્વીકારવા વડે સત્પુત્રને પામ્યો તથા શ્રીહરિમાં દુર્લભ દાસભાવને પામ્યો. ॥૪૦॥

अनादरात्प्रापुरमुष्य विप्रा ! व्रतस्य कष्टं बहवो मनुष्याः ।
तथाऽपराधाद्व्रतिनश्च वार्तामेकं शृणुध्वं कथयामि तेषाम् ॥४१॥

હે વિપ્રો ! ઘણા મનુષ્યો આ વ્રતનો અનાદર કરવાથી ઘણા કષ્ટને પામ્યા હતા તથા વ્રતકર્તાનો અપરાધ કરવાથી પણ કષ્ટને પામ્યા હતા, તેઓની એક વાર્તા હું સંક્ષેપમાં કહું છું તે સાંભળો. ॥૪૧॥

इति श्रीशतानन्दमुनिविरचितायां
श्रीमदादिनारायणकथायां चतुर्थोऽध्यायः ॥४॥

**ઈતિ શ્રીશતાનંદમુનિવિરચિતાયાં**
**શ્રીમદાદિ નારાયણકથાયાં ચતુર્થોડધ્યાયઃ ॥૪॥**

## અધ્યાય ૫મો

श्रीशुकानन्द उवाच–

एकदाऽऽसीद्वटपुरे गोपालानन्दसद्गुरुः ।
महापूजादिलक्ष्मैष आदिनारायणव्रतम् ॥१॥
विधिनाऽकारयद्विप्रा ! आनन्दानन्दवर्णिना ।
तत्र त्यागिगृहस्थानां भक्तानां चाभवत्सभा ॥२॥

શુકાનંદ મુનિ કહે છે—હે વિપ્રો ! એક સમયે સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદમુનિ વટપત્તનમાં વાસ કરી રહ્યા હતા. આ સદ્‌ગુરુએ મહાપૂજાદિ લક્ષણવાળું આદિનારાયણ વ્રત આનંદાનંદ વર્ણિ પાસે યથાવિધિ કરાવ્યું. એ અવસરે એ સ્થળમાં ત્યાગીગૃહી ભક્તોની મોટી સભા ભરાઈ હતી. ॥૧-૨॥

दाक्षिणात्यो द्विजस्तर्हि नारूपन्ताख्य आगमत् ।
राजमन्त्री हरेर्भक्तो मान्यः श्लाघ्यगुणैर्विभुः ॥३॥
नृपार्पितस्वशोभाढ्यो वैभवेनाधिकोऽखिलात् ।
सभ्यैः संमानितो नत्वा तांश्चोपाविशदासने ॥४॥

આવી સભાના સમયમાં એક દાક્ષિણાત્ય (દક્ષિણી) દ્વિજ નારૂંપત નામનો આવ્યો. આ દ્વિજ સયાજીરાવ રાજાનો આપ્તમંત્રી, માટે જ સમર્થ, શ્રીહરિનો ભક્ત, પ્રશંસાપાત્ર ગુણોએ કરીને તો સર્વે સત્કાર કરવા યોગ્ય, રાજાએ આપેલી પોતાની

છત્ર-છડી આદિક શોભાએ સંપન્ન અને ધન-ધાન્યાદિ વૈભવે કરીને તો સર્વ થકી અધિક હતો. આવો આ મંત્રી સભાસદ જનોએ યથોચિત સન્માન કર્યો થકો સભ્યોને નમસ્કાર કરીને ઉચિત આસનમાં બેઠો. ।।૩-૪।।

रजोगुणवशात्सोऽथानिष्टदैवेन नोदितः ।
महापूजादिविस्तारं दृष्टवेदं वाक्यमब्रवीत् ।।५।।
एतेन बहुना किं स्याच्छ्रीपतिः किं बुभुक्षितः ।
भावापेक्षी स्वयं कृष्णो वत्स्त्वपेक्षी नतु प्रभुः ।।६।।

સભામાં બેઠેલો રાજમંત્રી, તે સમયે થતી ભગવાનની મહાપૂજા આદિકનો વિસ્તાર જોઈને જ રજોગુણવશાત્ કોઈ પૂર્વના અનિષ્ટ દૈવની પ્રેરણાથી આવું વચન બોલ્યો કે-આ મહાપૂજાદિ બહુ કરવાથી શું ? તેની કશી જરૂર નથી. લક્ષ્મીપતિ ભગવાન શું ભૂખ્યા છે ? મહાપ્રભુ સ્વયં શ્રીકૃષ્ણ તો પૂર્ણકામ હોવાથી ભક્તોના ભાવની

અપેક્ષાવાળા છે પણ વસ્તુની અપેક્ષાવાળા નથી. માટે આ બધું કરવાની કશી જરૂર નથી. ॥૫-૬॥

एवं गर्वभरं किञ्चित्सर्वेषां शृण्वतां वचः ।
महतो न गणयित्वा श्रीमदादब्रवीत्सतः ॥७॥

આવું કિંચિત્ ગર્વગર્ભિત વચન, લક્ષ્મીમદને લીધે ગોપાળાનંદાદિ મોટા સાધુઓને પણ નહિ ગણીને સર્વને સાંભળતાં જ બોલ્યો. ॥૭॥

तिरस्कारं च दीनस्य हरेर्भक्तस्य कस्यचित् ।
अकरोच्छृण्वतां तेषां सतां स रजसाऽऽवृतः ॥८॥

વળી રજોગુણથી આવરિત આ રાજમંત્રી નારૂપંતે મોટા સદ્ગુરુ વગેરે સજ્જનોને સાંભળતાં જ કોઈ દીન હરિભક્તનો તિરસ્કાર કર્યો. ॥૮॥

एवं तस्य वचः श्रुत्वा सभ्याः किमपि नाब्रुवन् ।
पूजाया असमाप्तौ च स उत्थाय गृहं ययौ ॥९॥

આવું નારૂપંતનું વચન સાંભળીને સભ્યો તો કશું પણ બોલ્યા જ નહિ. નારૂંપત તો મહાપૂજાની સમાપ્તિ પહેલાં જ ત્યાંથી ઊઠીને પોતાને ઘેર ગયા. ॥૯॥

ततस्तेनापराधेन तद्बुद्धेर्व्यत्ययोऽभवत् ।
यस्मात्प्राप महत्तां स तस्मिन्प्रतिकूलस्ततः ॥१०॥

અનંતર આ બે મહાઅપરાધે કરીને નારૂંપતની સદ્‌બુદ્ધિનો વ્યત્યય થયો. આ કારણથી જેના થકી મોટી મોટપને પામ્યા હતા તે મહારાજા વિષે પણ પ્રતિકૂળ બુદ્ધિવાળા થયા. ॥૧૦॥

नृपानिष्टकरणेच्छावतां गुप्तः सहायकृत् ।
सञ्ज्ञातस्तन्नृपो ज्ञात्वा तस्मिंश्चुकोप सिंहजित् ॥११॥

આને પરિણામે પોતાના રાજાનું અનિષ્ટ કરવાની ઈચ્છાવાળા દુર્જનોને ગુપ્તપણે સહાય કરનારા થયા. આ બધી બાબત સયાજીરાવ રાજાની જાણમાં આવતાં તેની ઉપર બહુ કોપાયમાન થયા. ॥૧૧॥

अधिकाराद्विसृज्यैनं सर्वं तस्य गृहादिकम् ।
अपाहरत्स राजेन्द्रस्तत्याजैनं स्वदृक्पथात् ॥१२॥

કોપને પરિણામે મહારાજાએ નારૂંપતને પ્રથમ અધિકારમાંથી દૂર કરીને પછીથી તેનું ઘર ધન-ધાન્ય-ક્ષેત્રાદિ સર્વસ્વ હરિ લઈને તેનો પોતાની દૃષ્ટિ થકી પણ ત્યાગ કરી દીધો. ॥૧૨॥

भक्तं साक्षाद्धरेस्तं च जानन् भूपो न तस्य तु ।
प्राणहानिं व्यधादन्यैः सहापराधकर्तृभिः ॥१३॥

આ રાજા નારૂંપતને પ્રત્યક્ષ શ્રીહરિના અનન્ય ભક્ત જાણીને જ બીજા અપરાધ કર્તાઓની પ્રાણહાનિ સાથે ફક્ત તેમના પ્રાણની હાનિ કરતા અચકાયા. ॥૧૩॥

अन्नवस्त्रनिवासादि कष्टं राज्ञो ह्यनादरात् ।
प्राप्तो भूरितरं सोऽथ मनस्तापं च दुःसहम् ॥१४॥

પ્રાણહાનિથી બચેલા આ નારૂંપત, રાજકૃત અનાદરથી અન્ન-વસ્ત્ર-વાસ વગેરેના અતિશય

કષ્ટને પામ્યા. અને પછીથી પોતે હરિભક્ત હોવાથી મનમાં દુઃસહ પશ્ચાત્તાપને પામ્યા. ॥૧૪॥

एतत्कष्टनिवृत्त्यर्थमुपाया बहुशः स च ।
व्यधादात्मधिया चापि नाभवत्सुखमण्वपि ॥१५॥

આ અસાધ્ય કષ્ટના નિવારણ માટે આત્મબુદ્ધિથી બહુ બહુ ઉપાયો કર્યા તથાપિ અલ્પ પણ સુખને પામ્યા નહિ. ॥૧૫॥

दरिद्रो दीनतां प्राप्तः प्राञ्जलिः स श्वसन् रुदन् ।
तमेव शरणं प्राप गोपालानन्दसद्गुरुम् ॥१६॥

દારિદ્રય દુઃખથી દીનતાને પામેલા આ નારૂંપત, નિઃશ્વાસ સાથે રૂદન કરતા થકા બે હાથ જોડીને જેમની સન્નિધિમાં ભગવાન તથા ભક્તનો અપરાધ કર્યો છે એ જ સદ્‌ગુરુ ગોપાળાનંદ મુનિના શરણને પામ્યા. ॥૧૬॥

दयाब्धिः सोऽपि योगीन्द्रो भक्तेष्टो गर्वगञ्जनः ।
कृत्वाऽदभ्रां दयां तस्मिन्विनीते दीनभाषिणि ॥१७॥

पश्यन्पीयूषवर्षिण्या दृशा तेनाथ सादरम् ।
विधिनाकारयद्विप्रा ! आदिनारायणव्रतम् ॥१८॥

હે વિપ્રો ! ગર્વગંજન, ભક્તપ્રિય, યોગીરાજ, ગોપાળાનંદ મુનિ પણ દયાનિધિ હોવાથી અતિ નમ્રતાએ યુક્ત અને બહુ દીન વચનને બોલનારા નારૂંપત ઉપર બહુ દયા કરીને, અમૃતને વર્ષનારી દૃષ્ટિથી તેની સામું જોઈને, પશ્ચાત્તાપને પામેલા તેની પાસે આદિનારાયણનું વ્રત બહુ આદરથી વિધિપૂર્વક કરાવ્યું. ॥૧૭-૧૮॥

योगीन्द्रोक्तानुसारेण नारुपन्तोऽतिगद्गदम् ।
गन्धपुष्पांबुभिः प्रेम्णा श्रीशं साधून् सचार्चयत् ॥१९॥

તે પછી નારૂંપત વિપ્રે યોગીન્દ્ર ગોપાળાનંદ મુનિના કહેવા પ્રમાણે અતિગદ્ગદ્ થઈ બહુ પ્રેમથી ચંદન પુષ્પ આદિ વડે શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા સાધુ બ્રાહ્મણોની પૂજા કરી. ॥૧૯॥

यस्य यस्यापराधश्च कृतः स्वेन प्रणम्य तान् ।
प्रसन्नान्स विधायाप मुक्तिं च दिव्यवैभवम् ॥२०॥

તે પછી જેનો જેનો પોતે પ્રથમ અપરાધ કર્યો હતો તે તે ભક્તજનોને પ્રણામ કરીને તેમને પ્રસન્ન કરીને, આ લોકમાં દિવ્ય વૈભવ અને પરલોકમાં મુક્તિને પામ્યા. ॥૨૦॥

एवं माहात्म्यमस्त्यादिनारायणव्रतस्य वै ।
कार्यं तत्कष्टनाशाय शर्मणेऽत्र परत्र च ॥२१॥

હે વિપ્રો ! આવું અદ્‌ભુત આદિનારાયણ શ્રીહરિના વ્રતનું માહાત્મ્ય વર્તે છે. માટે આ લોક પરલોકમાં કષ્ટની નિવૃત્તિને અર્થે અને મહાસુખની પ્રાપ્તિને અર્થે સર્વ જનોએ આ વ્રત શ્રદ્ધાથી કરવું. ॥૨૧॥

अपेक्षितं सर्वमनेन विप्राः ! स्त्रीपुत्रवित्तादि भवेद्धि यद्यत् ।
हरेर्नृणां सेत्स्यति मुक्तिवाञ्छा भवेत्प्रसादाद्यदि साऽपि धार्मेः ॥२२॥

હે વિપ્રો ! જે મનુષ્યને જે જે સ્ત્રી-પુત્ર-વિત્ત વગેરે અપેક્ષિત હશે તે સર્વ પણ આ હરિવ્રતના અનુષ્ઠાનથી નિશ્ચે સિદ્ધ થશે. જો મુક્તિની વાંછા હશે તો તે પણ ધર્મપુત્ર શ્રીહરિના પ્રસાદથી મળશે એમાં સંશય નથી. ॥૨૨॥

नमाम्यहं श्रीहरयेऽवतारिणे सदाऽऽदिनारायणसंज्ञकाय ते ।
कुर्वद्भ्य एतद्व्रतमीप्सितं सुखं निजाश्रितेभ्यो ददते च तच्छ्रितान् ॥२३॥

હવે શુકાનંદ મુનિ સમાપ્તિમાં ઈષ્ટદેવ શ્રીહરિને નમસ્કાર કરે છે—આ સર્વોત્તમ વ્રતને કરનારા સ્વાશ્રિત જનોને ઈપ્સિત સુખ આપનારા અને આદિનારાયણ મંગળ નામ જેમનું છે એવા અવતારી શ્રીહરિ તમને તથા તમારા આશ્રિત જનોને હું નમસ્કાર કરું છું. ॥૨૩॥

एवमुक्त्वा प्रणम्यात्मप्रेष्टं तं विरतं मुनिम् ।
प्रहृष्टाः सर्वश्रोतारो विप्राद्याः प्राणमंश्च तम् ॥२४॥

હવે શતાનંદ કવિ કહે છે—આ રીતે કહીને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને પ્રણામ કરીને, વાર્તાલાપ થકી વિરામને પામેલા શુકાનંદમુનિને હરિશર્મા વિપ્ર મુખ્ય જેમાં છે એવા પૂર્વોક્ત સમસ્ત શ્રોતાઓ બહુ હર્ષ પામીને પ્રણામ કરવા લાગ્યા. ॥૨૪॥

ब्राह्मणेन्द्रो मयारामो दीनानाथः प्रयागजित् ।
निषण्णास्तत्र श्रुत्वैतन्मां ते हृष्टा तदाऽब्रुवन् ॥२५॥

સભામાં બેઠેલા વિપ્રવર્ય મયારામ ભટ્ટ (માણાવદરના) દીનાનાથ ભટ્ટ (આમોદના) પ્રયાગજી પુરાણી (ભુજના) આ ત્રણ પંડિતો શુકાનંદ મુનિનું વચન સાંભળતાં જ બહુ પ્રસન્ન થઈને મારા (શતાનંદમુનિ) પ્રત્યે બોલ્યા. ॥૨૫॥

समीचीना मुनीन्द्रेण वार्ताऽनेन कृता मुने ! ।
अल्पश्रद्धावतां नृणामपीयं स्वेप्सितप्रदा ॥२६॥

પંડિતો બોલ્યા-હે શતાનંદ મુને ! મુનિરાજ આ શુકાનંદે બહુ સારી વાર્તા કરી. આ વાર્તા અલ્પ શ્રદ્ધાવાળા મનુષ્યોને પણ ઈપ્સિત ફળને આપનારી છે. ॥૨૬॥

अतो मुनेऽखिलं प्रोक्तं सत्सङ्गिजीवने त्वया ।
अप्येतावत्पृथग्ग्रन्थं कुरुसर्वोपकारकम् ॥२७॥

માટે હે મુને ! આપે સત્સંગિજીવન ગ્રંથમાં તો ભક્તોએ જાણવા યોગ્ય, કરવા યોગ્ય, પામવા યોગ્ય બધી જ બાબતો વિસ્તારથી કહી છે. તથાપિ આટલી વાર્તાના વર્ણનવાળો એક સર્વોપકારી નાનો ગ્રંથ કરો એવી અમારી પ્રાર્થના છે. ॥૨૭॥

भक्तेन्द्रैस्तैरिति प्रोक्ते वाग्छद्भिः सर्वमङ्गलम् ।
प्रसन्नतायै सर्वेषां तेषां सन्हब्ध एष मे ॥२८॥

આ રીતે સર્વનું મંગળ ઈચ્છતા ભક્તશિરોમણિ તે પંડિતોની પ્રાર્થનાથી તેમની તથા બીજા સર્વજનોની પ્રસન્નતા માટે મેં આ આદિનારાયણકથા નામનો નાનો નિબન્ધ કર્યો છે. ॥૨૮॥

सर्वे प्रसन्ना मयि सन्त्वनेन स आदिनारायण ईश्वरेशः ।
भक्त्यात्मजस्त्यागिगृहाश्रमस्थास्तस्याश्रितास्तान्प्रणमामि चाहम् ॥२९॥

આ ગ્રંથ રચવારૂપ શુભ કર્મથી ઈશ્વરોના ઈશ્વર ધર્મભક્તિના પુત્ર એવા આદિનારાયણ શ્રીહરિ તથા તેમના આશ્રિત ત્યાગી-ગૃહી સમસ્ત ભક્તો મારી ઉપર પ્રસન્ન થાવ અને હું તે સર્વને પ્રણામ કરું છું. ॥૨૯॥

भक्त्या जनो यः शृणुयाद्व्रतस्य विधिं हरेर्योऽस्य च कीर्तयेद्वा ।
तौ प्राप्नुयातां हि फलं व्रतस्य हरेः प्रसादात्स्वमभीप्सितं च ॥३०॥

હવે આ ગ્રંથના શ્રવણ-કીર્તનનું ફળ કહે છે. જે જન આદિનારાયણ શ્રીહરિના વ્રતના વિધિને ભક્તિથી સાંભળે અથવા કીર્તન કરે તે બન્ને જનો વ્રતના અધિદેવ શ્રીહરિના અનુગ્રહથી વ્રતના ફળને અને ઈપ્સિત બીજા સર્વ અર્થને નિશ્ચે પામે. ॥૩૦॥

इतिश्री शतानन्दमुनिविरचितायां
श्रीमदादिनारायणकथायां पञ्चमोऽध्यायः ॥५॥

**ઈતિ શ્રીશતાનંદમુનિવિરચિતાયાં**
**શ્રીમદાદિનારાયણકથાયાં પંચમોડધ્યાય ॥૫॥**

**॥ ઈતિ આદિનારાયણ કથા સંપૂર્ણ ॥**

## ફગવા પ્રકરણ

મહા બળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી ।
એવું વરદાન દિજીએ આપે, એહ માયા અમને ન વ્યાપે ॥
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન ।
જેજે લીલા કરો તમે લાલ, તેને સમજુ અલૌકિક ખ્યાલ ॥
સત્સંગી જે તમારા કહાવે, તેનો કેદિ અભાવ ન આવે ।
દેશ કાળ ને ક્રિયાએ કરી, કેદિ તમને ન ભૂલિયે હરિ ॥
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપિને ન ફરે મતિ ।
તમને ભજતા આડું જે પડે, માગિયે એ અમને ન નડે ॥
એટલું માગિયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે ।
વળી ન માગિયે અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ ॥
કેદિ દેશો મા દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન ।
કેદિ કુસંગનો સંગ મા દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો ॥

કેદિ દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ ।
દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ ॥
દેશો મા દેહસુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ ।
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ ॥
દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય ।
એ આદિ નથી માગતા અમે, દેશોમાં દયા કરીને તમે ॥
પછી બોલિયા શ્યામ સુંદર, જાઓ આપ્યો તમને એ વર ।
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ ॥
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ ।
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત ॥
દીધા દાસને ફગવા એવા, બીજુ કોણ સમર્થ એવું દેવા ।
એમ રમ્યા રંગભર હોળી, હરિ સાથે હરિજન ટોળી ॥



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી - વડતાલધામ

:: પ્રકાશક ::

શ્રી વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી
મુખ્ય કોઠારીશ્રી
પ.પૂ.સ.ગુ. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન.**
**મુ. વડતાલ, તા. નડીયાદ, જી. ખેડા,**
**ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬**

**E-mail :** vadtaldhamvikas@gmail.com
**Website :** www.vadtalmandir.org